उन्नति

# વિચાર

વર્ષ ૧૩ અંક ૩ સપ્ટેમ્બર – ડિસેમ્બર , ૨૦૦૮

## અનુક્રમ

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- નૂતન દક્ષિણ એશિયાની કલ્પના 2

**આપના માટે**

- આબોહવામાં પરિવર્તન સામેની લડતઃ વિભાજિત વિશ્વમાં માનવીય ઐક્ય 9

**સાંપ્રત પ્રવાહ** 15

**સંદર્ભ સાહિત્ય** 17

**આપનો અભિપ્રાય** 21

**અમારા વિશે** 24

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### સમાવેશી અને લોકતાંત્રિકઃ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ સાઉથ એશિયા

દક્ષિણ એશિયા બંને પ્રકારનાં પરિબળો માટે ઊકળતો ચરૂ છે. એવાં પરિબળો પણ છે કે જે જીવન અને માનવ વિકાસ વધારે છે તો બીજી તરફ એવાં પરિબળો છે કે જે જીવન અને વિકાસનો ઈન્કાર કરે છે. હિંસક સંઘર્ષ, વિભાજન અને પક્ષ-કેન્દ્રી રાજકારણ, કોમવાદ, ધર્મઝનૂન, માનવ વિકાસ માટેની લડત, સ્ત્રી-પુરુષ સમાનતા માટેની લડત, માનવ અધિકારોનો ભંગ, પર્યાવરણ પ્રત્યે દુર્લક્ષ્ય, લશ્કરીકરણ, પ્રાદેશિક વર્ચસ્વ, તમામ પ્રકારનો આતંકવાદ (વિકાસ, જ્ઞાતિ, બળવાખોરી અને આંતકવાદના વિરોધના નામે અત્યાચારી કાનૂનો) અને સાચી લોકશાહી માટેની લડત એ બધું જ દક્ષિણ એશિયાનો ભાગ છે. દક્ષિણ એશિયા અનેક બાબતોમાં સમૃદ્ધ પ્રદેશ છે અને છતાં દુનિયાના ત્રીજા ભાગના ગરીબો ત્યાં રહે છે. રોજ ૧૦ કરોડ માણસો ભૂખ્યા સૂઈ જાય છે. તેનો ભૂતકાળ રાજાશાહીઓ અને સંસ્થાનવાદથી ભરેલો છે. દક્ષિણ એશિયાના લોકો અને ખાસ કરીને ધનવાન, શક્તિશાળી લોકો, શાસક વર્ગ અને કબીલાના નેતાઓ વર્તમાન બીમારીઓ માટે ભૂતકાળને જવાબદાર ગણાવે છે. આ ભદ્ર વર્ગે દક્ષિણ એશિયામાં જે પતન થયું છે તેમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. તેમની સત્તાની લાલચ અને સંપત્તિની જમાવટ તેમાં કારણરૂપ છે.

હિંસાગ્રસ્ત વાસ્તવિકતા છે અને તેમાં એક અલગ દક્ષિણ એશિયા અને ભારત વિશેની કલ્પના આપણે ના કરીએ તો ગૌરવપૂર્વક માથું ઊંચકવાનું મુશ્કેલ છે. પરિસ્થિતિનું વિશ્લેષણ અને સંશોધન કરતાં જણાય છે કે ક્ષમતાજનક અને વિક્ષેપાત્મક પરિબળો વિશે જાગૃતિ ઊભી કરવાની જરૂર છે અને જાહેર કલ્યાણ માટે જાહેર પગલાં ભરવાની જરૂર છે. આ પગલાં સૌને માટે સારા શિક્ષણની તકો વધારે, તમામ સ્તરે નીતિવિષયક અને કાર્યક્રમલક્ષી સુધારા આવે અને મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ સાથે તેમનો અમલ થાય અને તેમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ હોય.

પરિવર્તન માટેનાં આ જાહેર પગલાં લોકશાહી, બિનસાંપ્રદાયિક અને સમાવેશી મૂલ્યો ધરાવતાં હોય કે જેથી નૂતન દક્ષિણ એશિયા અને ભારત જન્મે. દેશનો વિકાસ લોકોની અને ખાસ કરીને મહિલાઓ, બાળકો, ભૂમિહીનો, નિરક્ષરો, વૃદ્ધો, સીમાન્ત ખેડૂતો અને માછીમારો, સામાજિક અને આર્થિક રીતે બાદબાકી પામેલા સમુદાયોની સહભાગિતાને અવગણીને ના થઈ શકે. આરોગ્ય, શિક્ષણ, કામનો અધિકાર અને સ્ત્રી-પુરુષ સમાનતાની સાથે સાથે સામાજિક સમાવેશ એ માનવ સમુદાયોના વિકાસનાં અને તંદુરસ્ત તથા ધબકતી લોકશાહીનાં મહત્ત્વનાં ઘટકો છે. ચૂંટણી-આધારિત લોકશાહી એ એક અગત્યનું અંગ છે અને એક આગેકદમ છે પરંતુ એ જ કંઈ પર્યાપ્ત બાબત નથી કે જે અત્યારે દક્ષિણ એશિયામાંના દેશોમાં દેખાય છે. લોકશાહી ધબકતી હોય તે માટે એ જરૂરી છે કે ગતિશીલ અને સમાવેશી લોકશાહી સંસ્થાઓ હોય, જેમ કે, કારોબારી, ન્યાયતંત્ર અને ધારાગૃહ. સક્ષમ અને પ્રતિબદ્ધ નાગરિકો સામાજિક વિશ્વસનીયતા ધરાવતા હોય એ પણ એટલું જ જરૂરી છે. આ સંસ્થાઓની કામગીરી વિશે લોકો પાસે જરૂરી માહિતી હોવી જોઈએ અને ઉત્તરદાયિત્વની યોગ્ય

**જુઓ પૃષ્ઠ ૨૮**

# નૂતન દક્ષિણ એશિયાની કલ્પના

દક્ષિણ એશિયાના ભારત સહિતના ઘણા દેશોમાં ૨૦૦૭નું વર્ષ ઘણું મહત્ત્વનું રહ્યું. તે પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૫૦મી વર્ષગાંઠનું હતું તો સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહની જન્મ શતાબ્દીનું પણ હતું અને દેશની આઝાદીની ૬૦મી વર્ષગાંઠનું પણ હતું. અંગ્રેજોની વિદાયે સ્વાતંત્ર્ય, સ્વશાસન અને સાર્વભૌમત્વનો યુગ આરંભાયો. **શ્રી જીમી ડાભી**એ નૂતન દક્ષિણ એશિયા કેવું હોય તેની કલ્પના ભારતના સંદર્ભ સાથે વ્યક્ત કરી છે. તેમનો આ લેખ ‘ઈન્ડિયન જર્નલ ઓફ યુથ અફેર્સ’ના જાન્યુઆરી-જુન, ૨૦૦૮ના અંકમાંથી લેવાયો છે.

### વર્તમાનમાં દક્ષિણ એશિયા

દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવતા પ્રદેશોમાં દક્ષિણ એશિયાનો સમાવેશ થાય છે. લગભગ ૧.૫ અબજ લોકો એટલે કે દુનિયાના ચોથા ભાગની વસ્તી અહીં વસે છે. તેમાં અફઘાનિસ્તાન, ભુતાન, નેપાળ, માલદીવ, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ભારત એમ ૮ દેશોનો સમાવેશ થાય છે. છેલ્લાં વર્ષોમાં તેમણે એકીકરણ અને વિભાજનનો અનુભવ કર્યો છે. એમાંના કેટલાક અનુભવો લોકો માટે અત્યંત લાભદાયી રહ્યા છે અને કેટલાક રહ્યા નથી. ઘણી વાર લોકો આ પ્રક્રિયાઓમાં વસ્તુરૂપ બની ગયા છે અને હંમેશાં શક્તિશાળી લોકોને જ એ પ્રક્રિયાઓનો લાભ મળ્યો છે અને જ્યારે તેમને લાભ ના મળ્યો હોય ત્યારે તેમણે એક યા બીજી રીતે તે પ્રક્રિયાઓમાં ભંગાણ પાડ્યું છે.

સાર્ક (દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર મંડળ) એવી જ એક પ્રક્રિયા છે. તે ઉપરોક્ત ૮ દેશોનું મંડળ છે અને તેની સ્થાપના તા.૮-૧૨-૧૯૮૫ના રોજ થઈ હતી. તેમ છતાં સાર્કમાં ઘણાં સમય, શક્તિ અને નાણાં ખર્ચાયાં હોવા છતાં તેણે લોકોનું દક્ષિણ એશિયા ઊભું થયું નથી.

દક્ષિણ એશિયાના કેટલાક દેશોની સ્વતંત્રતાને ૬૦ વર્ષ થયાં. તેથી એવો સવાલ ઊભો કરવાનું મન થાય કે શું આપણે ખરેખર સ્વતંત્ર છીએ, લોકશાહી છીએ? સ્વતંત્રતા અને સ્વાધીનતાનો અર્થ જુદા જુદા લોકો માટે જુદો જુદો થાય છે. ઘણી વાર સ્વતંત્રતાનો અર્થ પ્રાદેશિક સ્વતંત્રતા થાય છે અને તેમાં સામાજિક ભેદભાવ-કલંકમાંથી સ્વતંત્રતા, ભૂખમરો-અછત-રોગો અને ગરીબીમાંથી સ્વતંત્રતા, બિન-લોકશાહી શાસનમાંથી સ્વતંત્રતા, નવસંસ્થાનવાદ અને હિંસક સંઘર્ષ વગેરેમાંથી સ્વતંત્રતા જેવો થતો નથી. ગૌરવપૂર્ણ જીવન, સમાનતા, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, માન્યતા, માધ્યમો અને ન્યાયતંત્રનું સ્વાતંત્ર્ય અને મૂળભૂત માનવ અધિકારો વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે અને તે સાર્વભૌમ રાજ્યના ખ્યાલથી આગળની બાબત છે. એક પ્રદેશ તરીકે દક્ષિણ એશિયા દુનિયાના ત્રીજા ભાગના ગરીબોનું નિવાસસ્થાન છે અને રોજ ૧૦ કરોડ ગરીબો ભૂખમરાથી પિડાય છે અને સ્વાતંત્ર્યની ચળવળમાં મહાન નેતાઓ તથા મુત્સદ્દીઓએ જેની કલ્પના કરી હતી તેના કરતાં એ તદ્દન ભિન્ન બાબત છે.

નાગરિકોના અધિકારોનો ભંગ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના કાળમાં પણ ચાલુ રહ્યો છે. વધતી અસમાનતા, ઓળખનું રાજકારણ, સામાજિક અને રાજકીય સંઘર્ષોના આ સમયમાં ભાગલા, અવિશ્વાસ અને એકબીજાને ટેકો આપવાને બદલે તોડવાનું રાજકીય વલણ વધતું જાય છે. તમારા અને મારા જેવા અનેક સામાન્ય લોકોએ, અને માત્ર આપણા રાષ્ટ્રીય વીરનાયકો જ નહિ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો. તેમનાં નામો કદાચ ઈતિહાસમાં નોંધાયેલાં નથી અને સ્મારકોમાં કોતરાયેલાં નથી. તેમ છતાં આપણામાંના ઘણા લોકો માટે સ્વાતંત્ર્યનાં ૬૦ વર્ષ રવિન્દ્રનાથ ટાગોરે લખ્યું હતું તેમ “સ્વાતંત્ર્યનું સ્વર્ગ” બન્યું નથી કે જેમાં “મારો દેશ જાગૃત” થયો હોય. સંસ્થાનવાદી સત્તાથી સ્વતંત્રતા કેટલાક દેશો, સમુદાયો અને પરિવારોના રક્તરંજિત વિભાજનથી ખરડાઈ ગઈ હતી. દક્ષિણ એશિયાનો ઈતિહાસ અત્યંત સુખદ અને દુ:ખદ બંને છે. આપણે આપણી જાત ઉપર જ દોષનો ટોપલો ઢોળવો રહ્યો. આપણે ઈતિહાસમાંથી શીખ્યા નથી અને આપણે આપણા રસ્તા બદલ્યા નથી. આપણું માનસ હજુ પણ જૂનું સંસ્થાનવાદી માનસ છે, સામંતશાહી, પિતૃસત્તાક, કોમવાદી, જ્ઞાતિવાદી, અ-ધાર્મિક અને પ્રદેશવાદી માનસ છે, ભેજભાવજનક વિચારધારાઓ, વ્યવહારો અને પૂર્વગ્રહોથી ભરેલું માનસ છે. આપણે આપણા રાજકારણીઓને જ દોષ દઈશું તો એ યોગ્ય નહિ ગણાય કારણ કે તેઓ છેવટે તો આપણામાંથી જ ચૂંટાયેલા છે અને આપણે જ તેમને શાસન કરવા માટે બેસાડ્યા છે.

આટલાં વર્ષો દરમ્યાન આપણે દક્ષિણ એશિયા અને તેના લોકોને વિભિન્ન પંથો, વર્ગો, જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ, કબીલાઓ, જાતિઓ, પ્રદેશો, વંશો, વિચારધારાઓ તથા સરહદોમાં વહેંચ્યા છે. તફાવતો અને વૈવિધ્ય માનવ વારસાનો જ હિસ્સો છે પરંતુ આપણે એ તફાવતોને

સ્વીકારવાનું, માણવાનું અને તેમનો આદર કરવાનું ભૂલી ગયા છીએ. આપણે ભાગલા પાડવા અને શાસન કરવા, કાવતરાં કરવા, સંહાર કરવા અને વર્ચસ્વ ભોગવવા માટે આ તફાવતોનો એક બહાના તરીકે ઉપયોગ કરીએ છીએ. જે કૃત્રિમ વિભાજનો અને સરહદો આપણે ઊભાં કર્યાં છે તેમને પુરાણકથાઓ, ધાર્મિક વિચારધારાઓ, રાષ્ટ્રીય સલામતીનો ભય અને 'દુશ્મન'ના સર્જન દ્વારા ટેકો મળે છે, બળ મળે છે. સત્તા, સંપત્તિ અને અહમ્‌ના લોભમાં આપણે યુદ્ધો ખેલ્યાં છે, અનેક નિર્દોષોને આપણે આપણા દેશમાં અને પડોશમાં મારી નાખ્યા છે.

## અન્યાય અને હિંસક સંઘર્ષની ભૂમિ

દક્ષિણ એશિયા એ દુનિયાનો સૌથી જટિલ પ્રદેશ છે. તેમાં અનેક વંશો છે. ભાષા, પ્રદેશો, કોમ, જ્ઞાતિઓ અને સંપ્રદાયોને આધારે અનેક ભાગલા પડે છે. પરંતુ બાહ્ય રીતે તેઓ ગાઢ રીતે સંકળાયેલા છે. મુસ્લિમો શિયા અને સુન્નીમાં, હિંદુઓ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલા છે. ઉપરાંત, જૈનો, બૌદ્ધો, ખ્રિસ્તીઓ, આદિવાસીઓ, શીખો, પારસીઓ, યહૂદીઓ, બહાઈ ધર્મીઓ અને નાસ્તિકો પણ છે.

તેમ છતાં, બહુવાદ કે અનેક સંસ્કૃતિઓનો સ્વીકાર શાસનનો માર્ગદર્શક સિદ્ધાંત આ પ્રદેશની રાજકીય સંસ્કૃતિ માટે ભાગ્યે જ બને છે. એક સંભવિત અપવાદ ભારત છે કે જ્યાં વંશીય જૂથો સૈદ્ધાંતિક રીતે પણ સાંસ્કૃતિક અને રાજકીય સ્વાયત્તતા માટે લોકશાહીમાં સમાન રાજકીય અવકાશ ધરાવે છે. પરંતુ ભારતમાં રાજકીય સંસ્થાઓની બાબતોમાં રાજ્યની દખલગીરીથી બહુસાંસ્કૃતિક વ્યવસ્થાઓ ખોરંભે પડે છે. તેથી રાજકીય અધ:પતન થાય છે અને મૂલ્યોનું ધોવાણ થાય છે. નેપાળમાં જે નવો રાજકીય માહોલ ઊભો થઈ રહ્યો છે તે તપાસવાની જરૂર છે. ત્યાં નાગરિક સમાજ અને રાજકીય પક્ષોમાં હજુ પણ એવા કેટલાક લોકો છે કે જેઓ એક યા બીજા સ્વરૂપે લોકશાહી ચાલુ રાખવા માગે છે. પાકિસ્તાનમાં વર્તમાન રાજકીય કટોકટી, અફઘાનિસ્તાનમાં તાલિબાનની મજબૂત પકડ અને બાંગ્લાદેશમાં લશ્કરની દરમ્યાનગીરી એ દક્ષિણ એશિયાની વાસ્તવિકતા છે.

એનો અર્થ એવો નથી કે દક્ષિણ એશિયા એક પ્રદેશ તરીકે રાજકીય રીતે, આર્થિક રીતે, સામાજિક રીતે અને પર્યાવરણની રીતે મુસીબતમાં છે પરંતુ એ એક હકીકત છે કે અનેક રાષ્ટ્ર-રાજ્યો સામાજિક-આર્થિક અને રાજકીય અન્યાય અને હિંસક સંઘર્ષોમાં સપડાયેલાં છે. વંચિતો, છેવાડે ફેંકાઈ ગયેલા લોકો અને બાદબાકી પામેલા લોકો તેમની રીતે અને ક્યારેક સંગઠિત રીતે દમન, અન્યાય અને અત્યાચારોનો પ્રતિકાર કરે છે અને ઘણી ભારે કિંમત ચૂકવે છે. તેમની જિંદગીઓ ઘણી સમિતિઓમાં પંચો અને સીબીઆઈની તપાસોમાં દટાઈ જાય છે.

દક્ષિણ એશિયામાં તમામ પ્રકારના સંઘર્ષો પરસ્પર સંબંધિત હોય છે કારણ કે ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ગરીબીમાં જીવે છે. જુદા જુદા દેશો વચ્ચે વંશીય સંબંધો છે અને મોટા ભાગના સમાજોમાં વર્ગો, જ્ઞાતિઓ અને વંશોને આધારે વિભાજનો થયેલાં છે. અમુક સમાજ કે દેશમાં ક્યારેક જે સંઘર્ષ પ્રવર્તતો હોય તે જ્યારે બે જૂથોની માગણીઓ તેમનાં મહત્ત્વનાં હિતો સાથે ટકરાય છે ત્યારે બેવડાય છે. ભારતમાં બોડો જાતિના લોકો અલગ રાજ્ય માટે આંદોલન કરે છે ત્યારે ઉલ્ફા જેવું અંતિમવાદી આસામી જૂથ તેનો વિરોધ કરે છે કારણ કે તે આસામને એક સાર્વભૌમ દેશ બનાવવા માંગે છે. બંને જૂથો માટે દેશની કેન્દ્ર સરકાર સમાન દુશ્મન છે.

ઘણી વાર સંઘર્ષોનો ચેપ પણ લાગે છે. એક વંશીય જૂથનું આંદોલન બીજા જૂથ માટે પ્રોત્સાહનરૂપ બને છે અને તે તેના અધિકારો ભારપૂર્વક રજૂ કરે છે. નાગ જાતિના લોકોએ અલગ રાજ્યની માગણી કરી તેથી ઈશાન ભારતમાં વંશીય રાષ્ટ્રીયતાનાં આંદોલનો થયાં. દક્ષિણ એશિયામાં ભારત એક એવો દેશ છે કે જ્યાં સતત અનેક સંઘર્ષો ચાલુ રહે છે. જમ્મુ-કાશ્મીર, ઈશાન ભારત, છોટાનાગપુર આદિવાસી પટ્ટો વગેરે એમાંના જ થોડા છે. એ ઉપરાંત, જ્ઞાતિગત અને ધાર્મિક સંઘર્ષો તો છે જ. દેશભરમાં જ્ઞાતિવાદી અને કોમી હિંસા દેખાય છે. ૧૯૮૪માં શીખો તથા ૧૯૯૨ અને ૨૦૦૨માં મુસ્લિમો સામેની હિંસા અને ઓરિસ્સામાં કલિંગનગર તથા પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામની હિંસા એ એનાં વરવાં ઉદાહરણો છે.

સમાજમાં જે તમામ પ્રકારના સંઘર્ષો દેખાય છે તેનું કારણ વિવિધ જૂથોની ફરિયાદો અને રાજ્ય તેમાં જે પ્રતિભાવ આપે છે તે છે. દક્ષિણ એશિયામાં વંશીય સંઘર્ષોમાં જે વિવિધ જૂથોની ફરિયાદો અને હિતો દેખાય છે તે અનેક પાસાં ધરાવે છે અને જુદાં જુદાં જૂથો વચ્ચેની સ્પર્ધા રાજકીય પ્રક્રિયામાં જ પડેલી દેખાય છે. કેટલાંક જૂથોની ફરિયાદો રાષ્ટ્રીય પ્રાદેશિક રચનાની જે પ્રક્રિયા સ્વતંત્રતા પછી થઈ તેમાં પડેલી છે. ટાડા અને પોટા જેવા કાયદાઓ રાજ્યનું દમનનું હથિયાર બન્યાં અને જૂથોની ફરિયાદો દબાવી દેવાઈ. દુનિયાભરમાં સંસ્થાનવાદી સત્તાઓએ અનંત ગૂંચવાડો અને મુસીબતો જતાં જતાં વારસામાં આપ્યાં. તેમણે સ્વચ્છંદી રીતે સરહદો નક્કી કરી તેથી જ એવું થયું એમ નથી. સ્થાનિક લોકોની જરૂરિયાતો, ઈતિહાસ અને લાગણીઓને અવગણ્યાં તેથી એવું થયું એમ પણ નથી, પરંતુ આ સરહદોનું વૈજ્ઞાનિક સીમાંકન થયું તેને લીધે પણ એમ થયું. સંસ્થાનવાદ અગાઉના સમયમાં અમે એક સ્વાયત્ત વ્યવસ્થા હતા એવી ભૂમિકા સાથે જેમણે અલગ રાષ્ટ્ર-રાજ્ય માટેની આશાઓ વિકસાવી તેમને માટે આઝાદી મળી ત્યારે જે રાષ્ટ્રીય સરહદ નક્કી થઈ તે અન્યાયી અને સ્વચ્છંદી હતી અને તેવી લાગણી હજુ પણ પ્રવર્તે છે. ભારતમાં

નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, આસામ અને કાશ્મીર જેવી પાંચ વંશીય ચળવળો પોતાને 'દગો દેવાયો છે' એવી લાગણીમાં પોતાનાં મૂળ ધરાવે છે અથવા તો સંસ્થાનવાદી શાસનનો એ વારસો છે. નાગ, મિઝો, મૈતી અને આસામી રાષ્ટ્રવાદીઓએ ભારતમાં તેમના પ્રદેશોનો સમાવેશ થયો તેની સામે જ વાંધો ઉઠાવ્યો હતો અને અલગ રાજ્યત્વ માટે તેમણે પોતાનો મજબૂત દાવો નોંધાવ્યો હોત.

એ જ રીતે, બલુચ લઘુમતીને પોતાનો બળજબરીથી પાકિસ્તાનમાં સમાવેશ કરાયો છે એમ લાગે છે અને તે પંજાબીઓના વર્ચસ્વવાળા ભાગમાં જે પોતાનું રાષ્ટ્ર ખોવાઈ ગયું છે તે ફરીથી મેળવવા માગે છે. કેટલાક લોકો એમ વિચારે છે કે બાંગ્લાદેશ એ જગતનો સૌથી વધુ રાજકીય રીતે ધ્રુવીકરણ પામેલો દેશ છે. તેમાં ભ્રષ્ટાચાર ખૂબ ઊંડે સુધી ઘૂસી ગયો છે એવી એક છાપ પ્રવર્તે છે. હાલનું રખેવાળ વહીવટી તંત્ર લશ્કરનો ટેકો ધરાવે છે અને તેણે ભ્રષ્ટાચાર દૂર કરવાનું વચન આપ્યું છે. શું તે એ કરશે? ભયંકર ગરીબી ઉપરાંત, દેશજ લોકોના અધિકારોનું હનન બાંગ્લાદેશમાં મોટો ચિંતાનો વિષય છે. પાકિસ્તાનમાં હાલ જે કટોકટી છે તે ત્યાં જે હિંસક સંઘર્ષો છે તેમાં ઉમેરો કરે છે. કટોકટી હોય કે માર્શલ લો હોય, ઇરાદો તો સત્તા પર ટકી રહેવાનો જ હોય છે. લોકશાહીની અને લોકોની સમસ્યાઓને કોણ પૂછે છે?

ઘણી વાર બળજબરીથી પ્રદેશો ભેળવી દેવાયા એ જ અસંતોષનું એકમાત્ર કારણ હોતું નથી. પરંતુ તે પરસ્પર સંબંધિત એવી બીજી અનેક સમસ્યાઓનું સ્રોત બને છે. તેથી આ જૂથોની સમસ્યાઓ સઘન બને છે. જે જૂથો તેમની પ્રાદેશિક ઓળખ ગુમાવે છે અને વર્ચસ્વ ધરાવતાં જૂથોને તે મળે છે તેઓ તેમના આ મિલાપથી ગભરાય છે અને સ્વચ્છંદી રીતે વંશીય સરહદો નક્કી થઈ જશે એમ તેઓ માને છે. પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેઓ તેમની વંશીયતાને આધારે તેમની માગણીઓ રજૂ કરે છે.

ઘણી વાર રાજ્યની પક્ષપાતી ભૂમિકા સંઘર્ષને વધારે તીવ્ર બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અનુભવો એમ જણાવે છે કે બહુવંશીય સમાજમાં જો સંઘર્ષો ચાલતા હોય તો રાજ્ય એક સ્થાપિત હિત તરીકે વર્તે છે, અથવા તો તે વર્ચસ્વ ધરાવતા જૂથ કે બહુમતી જૂથના એજન્ટ તરીકે વર્ચે છે અને વિવિધ સ્પર્ધક જૂથો વચ્ચેના લવાદ તરીકે વર્તતું નથી.

## માનવ અધિકારોનો ભંગ અને લોકો-વિરોધી શાસન

વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ સુશાસનનો એજન્ડા ધરાવે છે અને વિકસતા દેશોને તેઓ જે નાણાકીય સહાય પૂરી પાડે છે તેની શરતોનો તેને ભાગ ગણે છે. સુશાસનના વેશમાં આ સંસ્થાઓનો અંતિમ હેતુ શું છે તે ન સમજવા જેટલા ભોળા ન બનવું જોઈએ. ઘણી વાર તેમનો સુશાસનનો ખ્યાલ ઉદારીકરણ, બજારલક્ષી અર્થતંત્ર, મુક્ત વ્યાપાર, સ્થળાંતર અંગેના સખત કાયદાઓ, રાજ્યની દરમ્યાનગીરીમાં ઘટાડો અને આંતક સામેના યુદ્ધ અંગેની નીતિઓનો જ સમાવેશ કરનારો હોય છે. સુશાસન માટેની તેમની શરતો ઘણી વાર તેમની સગવડ માટે હોય છે અને તે યુરોપ અને અમેરિકાનાં હિતોને પોષનારી હોય છે. વૈશ્વિકીકરણ અને ઉદારીકરણ માટે સાનુકૂળ એવી નીતિઓ ઘડાય એ જ સુશાસન ગણાય છે અને એ રીતે વૈશ્વિક વ્યાપાર અને નાણાકીય સોદાઓ રાજ્યના અંકુશ વિના અને બજારના નિયમો અનુસાર ચાલે. અને એ બજાર તો તેમના જ અંકુશમાં છે. જો કે, આપણે માટે સુશાસનનો અર્થ છે સાચી લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, સહભાગી સમાવેશી વિકાસ, તમામ સ્તરે સહભાગી અને સમાવેશ સરકાર, લોકકેન્દ્રી અને માનવ અધિકારલક્ષી ન્યાયતંત્ર, લોકોની સેવા કરનારી બંધારણીય સંસ્થાઓ નહિ કે ભદ્ર વર્ગ અને રાજકીય પક્ષોની સેવા કરનારી સંસ્થાઓ. આપણે એવું શાસન જોઈએ છે કે જે અધિકાર-આધારિત હોય. એમ કરવાનું આસાન નથી. દક્ષિણ એશિયામાં શાસન ઈચ્છનીય પદ્ધતિ કરતાં ઘણું દૂર છે. ભ્રષ્ટાચાર, સગાંવાદ, ગુનાકરણ, પ્રાદેશિક વર્ચસ્વ અને પુરુષોનું વર્ચસ્વ વગેરે જેવાં દૂષણો દેખાય છે. નેપાળમાં લોકશાહી અને રાજાશાહી વચ્ચેનો સંઘર્ષ, બાંગ્લાદેશમાં સરમુખત્યારશાહી અને લશ્કરી શાસન, પાકિસ્તાનમાં લોકશાહી અને લશ્કરી કાનૂન વચ્ચેનો સંઘર્ષ અને ભારતમાં બનાવટી અથડામણો, આતંકવાદ અને રાજકારણમાં કોમવાદ વગેરે કુશાસન અને માનવ અધિકારોના ભંગનો નિર્દેશ કરે છે.

પાકિસ્તાન તેના સામાજિક-રાજકીય ઈતિહાસના મુશ્કેલ તબક્કામાં છે. વર્તમાન કટોકટી પાકિસ્તાનના લશ્કરના ટેકાવાળા રાજકારણનો ભાગ છે. ૧૯૪૭માં સ્વાતંત્ર્ય બાદના અર્ધા કરતાં વધુ સમયગાળા સુધી પાકિસ્તાનમાં લશ્કરી સરમુખત્યારોએ શાસન કર્યું છે. આ વ્યવસ્થા ચાલુ રાખનારાં પરિબળોમાં ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છેઃ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં તમામ ક્ષેત્રોમાં લશ્કરની સામેલગીરી, સામંતશાહી માળખું, નાગરિક સમાજની નબળાઈ અને લશ્કર, ઉદ્યોગપતિઓ, જમીન માલિકો તથા વહીવટી તંત્રનું વર્ચસ્વ. અવારનવાર ત્યાં માનવ અધિકારોનો ભંગ થતો રહ્યો છે. નેપાળ, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં પણ સ્થિતિ કંઈ સારી નથી.

સાચા વૈશ્વિકીકરણના પાયાના સિદ્ધાંતો તો એ છે કે સરહદો હટાવી દો, નિયંત્રણો હટાવી દો અને લોકો, ટેક્નોલોજી જ્ઞાન અને સંસાધનોની મુક્ત હેરફેર થવા દો. જો કે, વૈશ્વિકીકરણે જે પરિસ્થિતિ ઊભી કરી છે તેમાં નાણાકીય સોદાઓ રાષ્ટ્રીય સરહદોને ઓળંગી ગયા છે, પરંતુ શ્રમની હેરફેર નિયંત્રિત છે અને એ રીતે વૈશ્વિકીકરણ વિકૃત બન્યું છે.

છેલ્લા દોઢ દાયકાએ એ પુરવાર કર્યું છે કે બજાર પ્રેરિત વૈશ્વિકીકરણ થોડાક લોકોના કલ્યાણ માટે છે અને બીજા કરોડો લોકો માટે એ એક અભિશાપ છે. દા.ત. ૧૯૯૦ના દાયકામાં દક્ષિણ એશિયાના વાઘ ગણાતા દેશોનું પતન થયું, આફ્રિકાના દેશો વધુ ગરીબીમાં ધકેલાયા અને ભારત સહિતના એશિયાના દેશોમાં ધનવાનો અને ગરીબો વચ્ચે અસમાનતા વધી.

## પ્રાકૃતિક સંસાધનોનું બિન–ટકાઉ શોષણ

દક્ષિણ એશિયામાં કેટલાક વિસ્તારો અન્ય વિસ્તારો કરતાં પ્રાકૃતિક સંસાધનોની બાબતમાં વધારે ધનવાન છે. નદીઓ અને પર્વતો દક્ષિણ એશિયામાં એક કરતાં વધારે દેશોમાં વહે છે અને તે સંસાધનોની વહેંચણી માટેની તકો ઊભી કરે છે, પડોશીઓ પરાવલંબી છે એવી છાપ પણ ઊભી કરે છે. પરંતુ તેનાથી સંઘર્ષો ઊભા થવાનો સંભવ પણ રહે છે. સિંધુ, ગંગા-બ્રહ્મપુત્ર અને યાંગત્ઝે નદીના પટનું સ્રોત હિમાલય છે. પર્વતો, નદીઓ, વનો અને મેદાની પ્રદેશોએ એક યા બીજી રીતે કરોડો લોકોનું પોષણ સદીઓથી કર્યું છે. આશરે ૨૫૦ કરોડ લોકો હિમાલયની નદીઓના તટ પ્રદેશોમાં રહે છે. તેમાં બાંગ્લાદેશના લોકોનો પણ સમાવેશ થાય છે. હિમાલયનું પ્રાણી જગત અને વનસ્પતિ જગત આબોહવા, વરસાદ, ઊંચાઈ અને જમીન જેમ જેમ બદલાય છે તેમ તેમ તે બદલાય છે. આ સંસાધનો આર્થિક, પ્રાદેશિક અને રાજકીય સંઘર્ષો પેદા કરે છે, અને આ પ્રદેશના લોકો વચ્ચે તેથી વૈમનસ્ય પણ ઊભું થયું છે.

વિવિધ દેશોએ આ પ્રદેશમાં જે વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓ હાથ ધરી છે તેનાથી થોડાક લોકોને ફાયદો થયો છે, પરંતુ તેનાથી માનવ-સર્જિત દુર્ઘટનાઓ ઊભી થઈ છે. યુનિસેફે આ પ્રદેશમાં પૂરને લીધે જે સમસ્યાઓ ઊભી થઈ છે તેને પ્રકાશમાં આણી છે.

પીવાના પાણીની અછત ઊભી થવી એ વિશ્વવ્યાપી સમસ્યા છે અને દક્ષિણ એશિયાના ઘણા પ્રદેશોમાં એ સમસ્યા ખાસ્સી તીવ્ર છે. વૈશ્વિકીકરણનો જે વ્યાપ છે અને નફાનો જે લોભ છે તેથી ઘણી સરકારો બધે જ પાણીનું ખાનગીકરણ કરવામાં અચકાશે નહિ. લોકોના પ્રતિકારને કારણે તેઓ અત્યાર સુધી તેમાં સફળ થયાં નથી. દક્ષિણ એશિયાએ જળ સંસાધનોનું જતન કરવાની અને તેમનું સંચાલન કરવાની બાબતમાં આ પડકારને ઝીલવાનો છે. ત્રીજા વિશ્વમાં જળ સંસાધનોની લૂંટ તદ્દન સામાન્ય બાબત બની ગઈ છે. માનવ પર્યાવરણ અંગેની 'સંયુક્ત રાષ્ટ્રો'ની સ્ટોકહોમ ઘોષણા જણાવે છે કે, "હવા, પાણી, જમીન, વનસ્પતિ, પ્રાણી જગત અને પ્રાકૃતિક સંસાધનો છે અને વર્તમાન તથા ભાવિ પેઢીઓ માટે કાળજીપૂર્વકના આયોજન કે સંચાલન દ્વારા તેનું જતન થવું જ જોઈએ. વન્ય જીવન સહિત પ્રકૃતિનું જતન એ તેથી જ આર્થિક વિકાસના આયોજનમાં મહત્ત્વનું ગણાવું જોઈએ."

વિકાસની પરિયોજનાઓમાં ઘણી વાર નફાની શોધ છૂપાયેલી હોય છે. બંધો, ખાણકામ, રાષ્ટ્રીય અભયારણ્યો અને ઉદ્યાનો, પ્રવાસન, માળખાગત સવલતો વગેરોને એવી પરિયોજનાઓમાં સમાવેશ થાય છે. આવી પરિયોજનાઓ છેવાડાના સમુદાયો માટે ભારે હાનિ ઊભી કરે છે અને તે ઉપરાંત પર્યાવરણીય જોખમ ઊભું કરે છે. છેલ્લા એક દાયકા દરમ્યાન ઈમ્પોવરિશમેન્ટ રિસ્ક્સ એન્ડ રિકન્સ્ટ્રકશન (આઈઆરઆરઆર) મોડેલનો વ્યાપક ઉપયોગ થયો છે અને સાથે સાથે વિકાસને લીધે થતા વિસ્થાપન અને પુનર્સ્થાપન ઉપર સંશોધનો થયાં છે. તે બંનેએ આ અંગે ઘણી માહિતી ઊભી કરી છે અને જેમનું વિસ્થાપન થાય છે તેમની ગરીબી વધે છે એવું સાબિત કર્યું છે. 'અર્થઃ એ બોલ ઓફ ફાયર' નામના પોતાના લેખમાં અનુરાધા દત્ત લખે છે કે "હિમાલયની લગભગ ૭૦ જેટલી મોટી હિમ નદીઓએ સિંધુ, બ્રહ્મપુત્ર અને ગંગા તતા યમુના જેવી નદીઓનું સર્જન કર્યું છે. પરંતુ એક અંદાજ એવો છે કે છેલ્લાં ૧૦ વર્ષના ગાળા દરમ્યાન આ હિમનદીઓ ૬૭ ટકા જેટલી ઓગળી ગઈ છે. ગંગોત્રી હિમનદી દર વર્ષે ૩૦ મિટર જેટલી ઓગળી રહી છે. 'સંયુક્ત રાષ્ટ્રો'ની 'ઈન્ટરગવર્ન્મેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ' જણાવે છે કે, 'માનવસર્જિત ગ્લોબલ વોર્મિંગથી દુનિયાભરમાં પૂર અને દુકાળ સર્જાશે.' પરિણામે પૂર આવશે અને દરિયાની સપાટી ઊંચી જશે અને હવામાનની આત્યંતિક પરિસ્થિતિ સર્જાશે."

દક્ષિણ એશિયામાં ખૂબ મોટા પ્રમાણમાં લોકો ખેતી ઉપર આધાર રાખે છે, અને તેને આનુષંગિક રોજગારી પણ મેળવે છે. મસૂરીની 'લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન' અન્વયે ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલયે જે અભ્યાસ કર્યો છે તે એમ દર્શાવે છે કે ભારતમાં જમીન સુધારા નિષ્ફળ ગયા છે અને જમીનદારો, પોલિસ, અમલદારો અને રાજકારણીઓ વચ્ચેની સાંઠગાંઠે તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જમીનની માલિકી બહુ થોડા પરિવારોમાં કેન્દ્રિત થઈ છે અને હવે તે મોટાં ઔદ્યોગિક ગૃહોમાં કેન્દ્રિત થઈ છે. સરકારની એસઈઝેડ અંગેની નીતિ તેના માટે જવાબદાર છે. ગ્રામીણ વિસ્તારોના મોટા ભાગના લોકો પાસે જમીન નથી અથવા તો બહુ ઓછી જમીન છે. જમીન માલિકોના ધારણ હેઠળની કેટલીક જમીનનો ઉત્પાદક ઉપયોગ થતો જ નથી. નેપાળમાં જમીનમાલિકો રાજકીય સત્તાનાં કેન્દ્રો સાથે ખૂબ જ ગાઢ રીતે સંકળાયેલાં છે. નેપાળ અને ભારતમાં જમીનની પુનર્વહેંચણીએ માઓવાદી ચળવળનો એખ મુદ્દો રહ્યો છે.

'ધ ક્વેસ્ટ ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' નામના પોતાના લેખમાં

બેરાક્લોધ સોલોન એમ જણાવે છે કે નીતિઓ એ નિર્ધારિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટેના પગલાં છે. એ અનિવાર્યતયા સંઘર્ષાત્મક છે. વળી, તેમની અસરો ગતિશીલ વ્યવસ્થાઓમાં અસ્પષ્ટ રહેવાનું વલણ ધરાવે છે. તેમનાં પરિણામો અનેક અણધાર્યાં આંતરિક અને બાહ્ય પરિબળોથી અસર પામે છે, અને તેમના કેટલાક ટેકેદારોના ઇરાદાઓ અને હિતોથી પણ અસર પામે છે. જે જાહેર નીતિઓ ચિરંતન વિકાસ સિદ્ધ કરવા માટે હોય છે તેમની વિધાયક અને નકારાત્મક બંને પ્રકારની અસરો ઊભી થાય છે.

વધુમાં, એવી દલીલ કરવામાં આવે છે કે સ્થાનિક સ્તરીય લોકશાહી વિકેન્દ્રીકરણને ચિરંતન વિકાસના લક્ષ્યાંકમાં આમેજ કરવામાં આવે છે. સાથે સાથે ટેક્નોલોજિકલ, લશ્કરી, નાણાકીય અને રાજકીય સત્તાનું કેન્દ્રીકરણ દુનિયાભરમાં ઝડપથી વધી રહ્યું છે. શક્ય તેટલા નીચા સ્તરે સંસાધનો અને નિર્ણયો વિતરિત થાય તેવા સિદ્ધાંતનો વાસ્તવમાં તેનાથી છેડ ઊડે છે. જો કે, વ્યવહારમાં આ ક્યાં સ્તર છે તેને માટે ઘણી ચર્ચા થઈ શકે છે. વળી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નીતિઓનાં જે સુધારા થઈ રહ્યા છે તેમાં પણ વિકેન્દ્રીકરણનો અભાવ પ્રવર્તે છે, વળી, તેમાં સંસાધનોની પુનર્વહેંચણી પણ દેખાતી નથી. તેથી ઘણી વાર તે પ્રયાઘાતી સાબિત થાય છે.

બેરાકલોઘ સોલોન તેમ છતાં પણ એમ કહે છે કે ચિરંતન વિકાસ માટે 'સંયુક્ત રાષ્ટ્રો'ની સંસ્થાઓ, મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ, સરકારો અને કેટલીક બિન-સરકારી સંસ્થાઓ વચ્ચે જે ભાગીદારી પ્રવર્તે છે તે બહુ મોટી અસર ઊભી કરશે એવી કંપનીઓ હવે વિશ્વનાં ખૂબ નાણાકીય સંસાધનો પર અંકુશ ધરાવે છે અને આધુનિક ટેક્નોલોજી પેદા કરવાની તેની ક્ષમતા રાજ્યની રાજકીય-લશ્કરી તાકાત માટે અનિવાર્ય છે. તેઓ બધે જ વૈચારિક રીતે અને નીતિઓની બાબતમાં ખૂબ મોટો પ્રભાવ પાડે છે અને તે કામ તેઓ જન માધ્યમો પર અંકુશ ધરાવીને કરે છે. પરંતુ જો તેમને લશ્કરી અને રાજકીય રક્ષણ થોડાંક શક્તિશાળી રાષ્ટ્ર-રાજ્યો દ્વારા ના મળે તો તેઓ લાચાર બની જાય છે.

શક્તિશાળી કંપનીઓ હવે 'કોર્પોરેટ જવાબદારી' દ્વારા અને 'ટ્રિપલ બોટમ લાઈન' અપનાવીને ચિરંતન વિકાસ લાવશે એવો દાવો પણ કરે છે. તેમાં તેઓ એવો દાવો કરે છે કે નાણાકીય નફાના લક્ષ્યાંકો અને સામાજિક સુખાકારી તથા પર્યાવરણીય રક્ષણ એ બધાને એકસાથે સિદ્ધા કરાશે. સોલોનની દલીલ એવી છે કે અત્યારની વૈશ્વિક વ્યવસ્થામાં આવી વાત કરવી એ તદ્દન બોગસ વાત છે. તેનો અર્થ તો જવાબદાર અને પ્રતિભાવાત્મક શાસન, સહભાગી નિર્ણય પ્રક્રિયા મૂલ્યવાન જાહેર અને બંધારણીય સંસ્થાઓ, લોકકેન્દ્રી બજાર નિયમનો અને હિસાબી પદ્ધતિઓ, કર માળખાં, સબસિડીઓ, સમાન અને સમાવેશી સામાજિક સંબંધો વગેરે થાય છે. આજના સંજોગોમાં તો આવું ભાવિ એ કેટલાક નિરીક્ષકોના મતે કાલ્પનિક આદર્શ જેવું છે.

ભારતના અરુણ શ્રીવાસ્તવ અને પાકિસ્તાનના મહંમદ ખુર્શીદ મારા મિત્રો છે. તેમણે તેમના આગામી લેખ 'ઈમેજિન ન્યૂ સાઉથ એશિયા - નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ'માં લખ્યું છે કે "જમીનના ઉપયોગનું આયોજન અને પર્યાવરણીય અસર મૂલ્યાંકન (ઈઆઈએ) મહાકાય યોજનાઓ માટે કરવામાં આવતાં નથી અને તેથી પ્રાકૃતિક સંસાધનો માટે ખતરો ઊભો થયો છે. પર્વતીય વિસ્તારોની જે નાજુક પર્યાવરણીય વ્યવસ્થા છે તેનું રૂપાંતર ખેતીની જમીનોમાં થઈ રહ્યું છે, વૃક્ષો મોટા પાયા પર કપાઈ રહ્યાં છે અને મોટા પાયે ચરાણ થઈ રહ્યું છે. પર્વતોમાં મકાનોનું બાંધકામ કોઈ પણ પ્રકારના નિયમો સિવાય થઈ રહ્યું છે. તેથી આ પર્વતોમાં ખૂબ જ ઝડપથી જમીનોનું ધોવાણ થઈ રહ્યું છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓની વપરાશ અને ઔદ્યોગિક તથા ઘરેલૂ ઝેરી કચરો ઠલવાવાથી ખેતીની જમીન પ્રદૂષિત થઈ રહી છે. ઔદ્યોગિક અને ઘન કચરાથી પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે. દરિયાઈ પર્યાવરણીય વ્યવસ્થાને રાસાયણિક કચરો ઠલવાવાથી જ નુકસાન થાય છે એવું નથી, પરંતુ અશુદ્ધ ઘન અને પ્રવાહી કચરો પણ મોટાં શહેરોમાંથી તેમાં ઠલવાય છે. ઉપરાંત, મેન્ગ્રોવ જંગલોનો નાશ થઈ રહ્યો છે. પરિણામે જમીન પરના શુદ્ધ પાણીના જૈવ વૈવિધ્યને અને દરિયાઈ સૃષ્ટિને માટે મોટો ખતરો ઊભો થાય છે."

જગત માટે ઊર્જાની કટોકટી કંઈ નવી બાબત નથી, ખાસ કરીને વિકસિત જગત માટે. તેનું કારણ વપરાશવાદી જીવનશૈલી, મૂડી ગહન ઔદ્યોગિક વિકાસ છે. તેલ, કોલસો અને લાકડું ઊર્જાનાં સ્રોતો છે અને દક્ષિણ એશિયા ઊર્જાની કટોકટીનો સામનો કરી રહ્યું છે. અણુ ઊર્જાનો વિકલ્પ ભારત દ્વારા આંધળી રીતે અપનાવવામાં આવી રહ્યો છે. કેટલાક વિજ્ઞાનીઓ તેની તરફેણ કરે છે. પણ તે વખતે જળ વિદ્યુત અને પવન ઊર્જા જેવા વિકલ્પો વિશે યોગ્ય રીતે વિચારવામાં આવતું નથી.

## સામાજિક ન્યાયના ભોગે આર્થિક વિકાસ

અંગ્રેજોના શાસન દરમ્યાન આર્થિક વૃદ્ધિ અને વિકાસનો મુખ્ય ઉદ્દેશ ભારતમાંથી આર્થિક અધિવેષનું શોષણ કરવાનો હતો. સ્વાતંત્ર્ય બાદનો જે અનુભવ છે તે દેશના આર્થિક વૃદ્ધિ અને વિકાસ માટે ઘણું બધું કહી જાય છે. આ ફેરફારો આર્થિક વૃદ્ધિ અને વિકાસ વિના શક્ય ન બન્યા હોત. અનેક ક્ષેત્રોમાં આપણે ભારતના નાગરિકોનું જીવન સુધારવા માટે સારી રીતે આયોજન કર્યું છે અને કેટલીક સમસ્યાઓનો આપણે સારી રીતે ઉકેલ પણ લાવ્યા છીએ. જો કે, હવે એ ખૂબ જ યોગ્ય રીતે

સમજવામાં આવે છે કે વિકાસનો અર્થ આર્થિક વૃદ્ધિ નથી.

સામાજિક ન્યાયનો ખ્યાલ આર્થિક વિકાસથી આગળ વધે છે. આર્થિક વિકાસ મહત્ત્વનો છે પરંતુ માત્ર વૃદ્ધિ નહિ, એટલે કે માત્ર જીડીપી (કુલ ઘરેલૂ ઉત્પાદન)નો વધારે નહિ. હેન્રી બારતોલી 'રિથિન્કિંગ ડેવલપમેન્ટ'માં જણાવે છે કે, "વિકાસમાં ઓછી આવક ધરાવનારા દેશોમાં ભૌતિક સુખાકારીના વધારાનો સમાવેશ થાય છે. એમાં અન્ન, આરોગ્ય, શિક્ષણ અને જીવનનું આયુષ્ય તથા ગૌરવનો પણ સમાવેશ થાય છે. તેમાં એવી પણ ધારણા છે કે જીવનની જાળવણી અને ખુશનુમા વિકાસ દુનિયાભરનાં સ્ત્રી-પુરુષો માટે અનિવાર્ય છે." વિકાસ અંગેની નીતિનું કાર્ય વૃદ્ધિ થાય તે તો છે જ, પણ વૃદ્ધિનાં ફળ સમાન રીતે વહેંચાય કે જેથી સામાજિક કલ્યાણ આડકતરી બંને રીતે અસર કરે છે અને તેમાં રાજકીય અને આર્થિક પસંદગીના સવાલો ઊભા થાય છે. તેથી સરકાર, બજાર અને નાગરિક સમાજની રાજકીય ઈચ્છાશક્તિ વિના પરિવર્તન શક્ય નથી.

'મેન એન્ડ ડેવલપમેન્ટ'માં જુલિયસ ન્યેરેરે લખે છે કે, "ગરીબી એ આધુનિક વિશ્વની સમસ્યા નથી. ગરીબીના નિવારણ માટે આપણી પાસે જ્ઞાન અને સંસાધનો બંને છે. ખરી સમસ્યા તો માનવજાતનું ધનવાનો અને ગરીબોમાં કરાયેલું વિભાજન છે કે જે દુઃખો, યુદ્ધો અને તિરસ્કાર ઊભાં કરે છે."

૨૦૦૩નો માનવ વિકાસ અહેવાલ અને વિશ્વ બેંકના અભ્યાસો પણ એમ જણાવે છે કે ગરીબી એ સ્ત્રી-પુરુષો વચ્ચેના સામાજિક ભેદભાવો સાથે સંબંધિત બાબત છે. મહિલાઓ ગરીબીનો સૌથી વધુ શિકાર બને છે, પછી તે ગ્રામીણ હોય કે શહેરી. અસમાનતાથી મહિલાઓ વંચિત બને છે અને તેમની આખી જિંદગી દરમ્યાન તેઓ વંચિત રહે છે અને તેમના વિકાસની તકો પણ દબાઈ જાય છે. વધતી જતી શહેરી ગરીબીમાં મહિલાઓ ખૂબ જ છે, ગરીબ પરિવારોમાં પત્નીઓ, માતાઓ, દીકરીઓ, પુત્રવધૂઓ વગેરે હોય છે. ગરીબ એકાકી મહિલાઓ એમનો જ ભાગ હોય છે કારણ કે તેઓ ક્યાંય જઈ શકતી નથી, તેમની પાસે મર્યાદિત વિકલ્પો હોય છે, જીવનનિર્વાહ રળવાનાં મર્યાદિત સાધનો અને માર્ગો હોય છે. ઓછું શિક્ષણ અને ખરાબ આરોગ્ય તેમની ક્ષમતાઓને વિપરીત રીતે અસર કરે છે અને તેથી રોજગારી મેળવવાની તેમની ક્ષમતાઓને પણ વિપરીત અસર થાય છે. મહિલાઓમાં ક્ષમતાના અભાવને લીધે તેઓ બજારલક્ષી અર્થતંત્રમાં વધારે અસહાય બને છે.

આર્થિક વૃદ્ધિની સાથે જ ગરીબી આવી છે. તે બહુપાંખી છે, તેનું સ્વરૂપ, તેની ગતિશીલતા અને ગહનતા સ્થળે સ્થળે અને સમયે સમયે જુદાં જુદાં હોય છે. રાધાકૃષ્ણ અને રાવ એમ જણાવે છે કે, "ગરીબીનો વિશેષ નકશો અને સામાજિક પાયો છેલ્લાં વર્ષે દરમ્યાન ખાસ્સો બદલાયો છે અને ગરીબી વધુને વધુ પ્રમાણમાં થોડાંક ભૌગોલિક પ્રદેશો અને વિશિષ્ટ સામાજિક જૂથોમાં કેન્દ્રિત થઈ છે. કોલંબિયા યુનિવર્સિટીના પ્રાધ્યાપક અરવિંદ પનાગરિયા અસમાનતા અને સુધારા વિશે લખતાં ભારતનું ઉદાહરણ આપતી વખતે લખે છે કે બે પ્રકારની અસમાનતા ખૂબ જ વધી છે અને તેમના ઉપર વધારે ચાંપતી નજર રાખવાની જરૂર છે. જો કે, એ પ્રાદેશિક અસમાનતા પણ છે અને ગ્રામીણ-શહેરી અસમાનતા પણ છે."

પગાર, સવલતો, તકોની પ્રાપ્તિ અને ક્ષમતા વર્ધન માટેની પહોંચ અંગેની અસમાનતાઓ લગભગ તમામ સંગઠનોમાં દેખાય છે. જો કે, અસમાનતા છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન વધી છે. ઉદારીકરણ દાખલ કરાયા પછી વિશેષ પ્રમાણમાં વધી છે. ૧૮૨૦માં સૌથી ધનવાન અને સૌથી ગરીબ દેશ વચ્ચે આવકનો તફાવત ૩ઃ૧ હતો, ૧૯૫૦મા તે ૩૫ઃ૧ હતો અને ૧૯૯૨માં તે ૭૨ઃ૧ થયો. જે બાબત દેશો માટે સાચી છે તે સમાજના જુદા જુદા વર્ગો માટે પણ સાચી છે.

૧૯૬૦નાં માનવજાતના સૌથી સમૃદ્ધ એવા ૨૦ ટકા લોકો સૌથી ગરીબ ૨૦ ટકા લોકો કરતાં ૩૦ ગણી વધારે રકમ કમાતા હતા. ૨૦૦૦માં આ અસમાનતા બમણી થઈ ગઈ. ૨૦૦૦માં જગતની સૌથી ધનવાન ૧ ટકા પ્રજા પાસે એટલી આવક હતી કે જેટલી ૫૭ ટકા ગરીબો પાસે હતી. વૈશ્વિકીકરણના આગમનને લીધે પરિસ્થિતિ વધારે વણસી. ગરીબો વિકાસના વિરોધી નથી પરંતુ તેઓ લોક-વિરોધી વિકાસ વિશે ચિંતા વ્યક્ત કરે છે. મનુષ્યોનો વેપાર, બાળ મજૂરી, સસ્તી મજૂરી, જાતીયતા પ્રેરિત પ્રવાસન, પ્રાકૃતિક સંસાધનોનું ધોવાણ અને કરોડો લોકોનું વિસ્થાપન તથા વંચિતતા વગેરે વિશે તેઓ ખેદ વ્યક્ત કરે છે. હેલ્પમેન એમ જણાવે છે કે "સમાજના સૌથી ગરીબ લોકો પરની વૃદ્ધિની અસરો વિવાદાસ્પદ છે. કેટલાક લોકોની દલીલ છે તે મુજબ શું વૃદ્ધિ ગરીબો માટે હાનિકારક છે? કે પછી બીજા કેટલાકની દલીલ છે તે મુજબ વૃદ્ધિએ બધી નૌકાને તારી છે?" મને એમ કહેવાનું મન થશે કે વૃદ્ધિએ અનેક નૌકાઓને તારી છે પરંતુ બધી નૌકાને સમાન રીતે તારી નથી, કેટલીક નૌકાઓને આ પ્રક્રિયા દરમ્યાન નુકસાન પહોંચ્યું છે અને કેટલીક ડૂબી ગઈ છે.

તેથી સમતા (વહેંચણી) અને સમાનતા (સામાજિક ન્યાય) વિકાસના હાર્દમાં છે. સમતા, અને તેથી સંપત્તિ અને અસ્કામતોની વહેંચણી, ગરીબી સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે અસમાનતા અને ગરીબી બંને એક જ પ્રકારની વિભાવનાઓ છે. કોઈ એક સમુદાય ગરીબ હોઈ શકે છે, પણ તે અન્ય સમુદાયોની તુલનાએ ઓછો અસમાન હોઈ શકે છે. બીજી તરફ, કોઈ એક સમુદાય સંસાધનો

અને સંપત્તિની બાબતમાં સમૃદ્ધ હોય પણ તે અન્ય સમુદાયોની તુલનાઓ ભારે અસમાનતા ધરાવતો હોય એમ પણ બને. દા.ત. આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યો પંજાબ અને હરિયાણામાં સ્ત્રી-પુરુષ પ્રમાણ અત્યંત અસમાન છે.

આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ સ્પષ્ટ બને તેવાં કેટલાંક ઉદાહરણો આપવાની જરૂર છે. ભારતનું કુલ ઘરેલૂ ઉત્પાદન ૨૦૦૩માં ૫૬૦ અબજ ડોલર હતું. આર્થિક વૃદ્ધિનો દર થોડો ગણો બદલાતો રહ્યો છે, પણ ૨૦૦૩-૦૪માં તે ૮ ટકા હતો અને સમગ્ર દુનિયામાં તે બીજા ક્રમે સૌથી વધારે હતો. પ્રથમ ક્રમે ચીનનો વૃદ્ધિ દર ૧૦ ટકા હતો. સ્વાતંત્ર્ય બાદ માથાદીઠ આવક વધી છે અને આ દાયકાઓ દરમ્યાન ગરીબીનું પ્રમાણ ઘટ્યું છે.

વિકસતા દેશોમાં ૧૯૯૦ના દાયકામાં માથાદીઠ આવકની વૃદ્ધિ ૧.૫ ટકા હતી જે ૧૯૮૦ના દાયકા કરતાં ત્રણ ગણી વધારે હતી. ૨૦૦૦ પછી વિકસતા દેશોમાં માથાદીઠ આવકનો વધારો વિકસતા દેશોમાં ૩.૪ ટકા થયો છે. માનવ વિકાસ અહેવાલ-૨૦૦૫ કહે છે તે મુજબ એ ઉચ્ચ આવક ધરાવતા દેશો કરતાં બમણો છે. માનવ વિકાસ આંક (એચડીઆઈ) એ સંચયિત નિર્દેશક છે અને માનવ કલ્યાણનાં ત્રણ પાસાંનો તેમાં આવરી લેવામાં આવે છેઃ આવક, શિક્ષણ અને આરોગ્ય. માનવ વિકાસ આંકની દૃષ્ટિએ જો આપણે વિવિધ દેશોને તપાસીએ તો એમ જણાય છે કે વિકસતા દેશો આ ત્રણેય બાબતમાં નીચલા સ્તરે છે. આ નિર્દેશકો વચ્ચેનો તફાવત આ વિકસતા દેશોના વિવિધ પ્રદેશો વચ્ચે ઘણો મોટો છે.

'મેન એન્ડ ડેવલપમેન્ટ'માં જુલિયસ ન્યેરેરે જણાવે છે કે "હકીકત એ છે કે વિકાસનો અર્થ થાય છે લોકોનો વિકાસ. રસ્તા, મકાનો, પાકના ઉત્પાદનમાં વધારો અને અન્ય વસ્તુઓના ઉત્પાદનમાં વધારો એ વિકાસ નથી. એ તો વિકાસનાં માત્ર સાધનો છે. નવો માર્ગ મનુષ્યની સ્વતંત્રતાને વધારે છે અને ત્યારે જ બને છે કે જ્યારે તે તેના પર ચાલે છે. શાળાઓનાં મકાનોમાં થયેલો વધારો વિકાસ ત્યારે જ ગણાય કે જ્યારે એ મકાનોનો ઉપયોગ લોકોનાં મનોના વિકાસ માટે અને લોકોની સમજ વધારવા માટે થાય. ઘઉં, વટાણા કે મકાઈના ઉત્પાદનમાં વધારો વિકાસ ત્યારે જ કહેવાય કે જ્યારે તે લોકોના વધુ સારા પોષણ તરફ દોરી જાય."

છેલ્લા દાયકાઓ દરમ્યાન અનેક બાબતો બદલાઈ ગઈ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ સમષ્ટિના સ્તરે જે તુલનાઓ કરવામાં આવે છે તે ઘણી વાર ગેરમાર્ગે દોરનારી હોય છે. વધારે ખાતર, સિંચાઈની વધારે સારી પદ્ધતિઓ, ઊંચી ઊપજ આપતું બિયારણ, વધારે કાર્યક્ષણ સાધનો, સંગ્રહની વધારે સારી સવલતો, વધારે ઊંચા ટેકાના ભાવ અને પ્રાપ્તિના ભાવ, જમીનના ઉપયોગમાં વધુ વિવિધીકરણ - આ બધાથી જુદા જુદા ખેડૂતોને જુદા જુદા પ્રમાણમાં ફાયદો થયો છે. પરંતુ મહદંશે આ બધા લાભો મોટા અને સમૃદ્ધ ખેડૂતોને જ મળ્યો છે અને નાના તથા સીમાન્ત ખેડૂતોને મળ્યા નથી.

ભારતમાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે એ ચિંતાજનક છે. ખેડૂતો હવે ખેતીમાં સ્વરોજગારી મેળવનારા નથી રહ્યા. નાના અને સીમાન્ત ખેડૂતોની એ જ હાલત થઈ છે. એમાંના કેટલાકે ખેત મજૂરોની સંખ્યા વધારી છે. બીજાઓ શહેરોમાં છૂટક મજૂરીમાં વળ્યા છે. તેમ છતાં એમ લાગે છે કે ગ્રામીણ ક્ષેત્રમાં એકંદરે ગીરીબમાં ઘટાડો થયો હશે, પણ તેની અસર અસમાન રહી છે અને આવકની અસમાનતામાં વધારો થયો હોય એમ બની શકે છે. ભારતની ઘણી મોટી વસ્તી ગ્રામીણ છે અને કુલ ઉત્પાદનમાં ઘરીબ ખેડૂતો અને ખેત મજૂરોનો ફાળો વધાર્યા વિના 'સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો' (એમડીજી) પાર પાડવાનું શક્ય જ નથી.

## ભાવિ માર્ગ

બધું ખરાબ જ થયું છે એવું નથી. પરંતુ બધું સારું જ થયું છે એવું પણ નથી. દક્ષિણ એશિયામાં જેઓ છેવાડે હતા તેમને માટે તો કંઈ સારું થયું છે એવું ઝાઝું નથી. ૬૦ વર્ષના સ્વાતંત્ર્ય કામમાં બધું કંઈ ખરાબ નથી થયું, વંચિતતા, ભેદભાવ અને બાદબાકીની વચ્ચે પણ આશાનું કિરણ પ્રવર્તે છે. દક્ષિણ એશિયામાં નેપાળમાં જે લોકશાહી તરફી પરિવર્તન આવ્યું અને દલિતો અને આદિવાસીઓ જે રીતે પોતાનો હક માગવા તૈયાર થયા છે એ આશાનું બિંદુ છે. અણુ સમજૂતીનો પ્રતિકાર, ભારતના આદિવાસી વિસ્તારોમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન સામે વિરોધ, જમણેરી ધર્મઝનૂની પરિબળો સામેનો અવાજ વગેરે એમ દર્શાવે છે કે લોકો જાગૃત છે અને તેઓ જે જિંદગી જીવે છે અને સહન કરે છે તેમાં ફેરફાર લાવવા માંગે છે. લોકોનાં આદોલનો અને સંગઠનોએ કેટલાંક સ્થાનોએ રસ્તો બતાવ્યો છે અને દક્ષિણ એશિયામાં છેવાડાના લોકો માટે તેમણે આશા જગાવી છે. દક્ષિણ એશિયાના દેશોમાં વિધાયક પરિવર્તન માટેની આ નિશાની જણાય છે. એક નવું દક્ષિણ એશિયા આપણે જોઈએ છે કે જ્યાં નાગરિકો વધારે ધબકતું જીવન જીવી શકે અને ભૂખમરા અને વંચિતતા વિનાની જિંદગી માણી શકે. સામાજિક-આર્થિક વિકાસ માટે માનવ સલામતી, સુરક્ષા અને ન્યાયી શાંતિ જરૂરી છે. લશ્કરીકરણ, પોલિસને વધુ પડતી ન્યાયિક સત્તાઓ અને લશ્કરને મળતી સત્તાઓ લાંબે ગાળે કોઈ કામનાં નથી. ભારતથી માંડીને તમામ દેશોએ શસ્ત્રીકરણ પાછળનું ખર્ચ ઘટાડવું પડશે અને સમગ્ર પ્રદેશ લશ્કરવિહીન બને તે માર્ગે આગળ વધવું પડશે.

**જુઓ પૃષ્ઠ ૨૩**

# આબોહવામાં પરિવર્તન સામેની લડત:
# વિભાજિત વિશ્વમાં માનવીય ઐક્ય

૧૯૯૦થી દર વર્ષે સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી) દ્વારા માનવ વિકાસ અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે. ૨૦૦૭/૨૦૦૮નો આ અહેવાલ 'આબોહવામાં પરિવર્તન સામેની લડતઃ વિભાજિત વિશ્વમાં માનવીય ઐક્ય' નામે બહાર પડ્યો છે. ઉપરાંત, સાઉથ એશિયન નેટવર્ક ફોર સોશ્યલ એન્ડ એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ દ્વારા 'ક્લાઈમેટ ચેન્જ ઈન સાઉથ એશિયા' નામે જે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે તેમાંથી પણ કેટલાક મુદ્દાનો સમાવેશ આ લેખમાં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા કરવામાં આવ્યો છે.

### પ્રસ્તાવના

માનવ વિકાસ અહેવાલ ૨૦૦૭/૨૦૦૮ ચાર પ્રકરણોમાં વિભાજિત છેઃ (૧) ૨૧મી સદીમાં આબોહવામાં પરિવર્તન. (૨) આબોહવાના આઘાતોઃ અસમાન વિશ્વમાં જોખમ અને અસહાયતા. (૩) આબોહવાના પરિવર્તનની ભયાનકતાને ટાળવીઃ નિવારણ માટેની વ્યૂહરચના. (૪) અનિવાર્યતાનો સ્વીકારઃ રાષ્ટ્રીય પગલાં અને આંતરરાષ્ટ્રીય સહકાર.

આ અહેવાલ એમ જણાવે છે કે આબોહવામાં થતા ફેરફારો એ એક મોટી કટોકટી છે અને એ હજુય ટાળી શકાય એવી કટોકટી છે. દુનિયા પાસે એકાદ દાયકા જેટલો જ સમય છે અને એના ઉપર તત્કાળ ધ્યાન આપવાની જરૂર છે. આપણી પેઢીના માનવ વિકાસનો આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. આબોહવામાં પરિવર્તન મનુષ્યની સ્વતંત્રતા સામે જોખમ ઊભું કરે છે અને પસંદગીઓને મર્યાદિત કરે છે.

### આબોહવામાં પરિવર્તનનાં પરિણામો

આરંભિક ચેતવણીઓ હવે સાચી પડતી જણાય છે. આબોહવામાં પરિવર્તનને લીધે દુનિયાના કરોડો ગરીબો ઉપર વિપરીત અસર થઈ શકે છે. આ એવી અસરો છે કે જે બહુ ધ્યાનમાં આવતી નથી. નાણાકીય બજારોમાં અને જીડીપી (કુલ ઘરેલૂ ઉત્પાદન)માં પણ તે દેખાતી નથી. પરંતુ દુકાળ, વાવાઝોડાં, પૂર અને પર્યાવરણીય તંગદિલીને પરિણામે વધુ સારું જીવન જીવવાના ગરીબોના પ્રયાસો ઉપર વિપરીત અસર થાય છે જ. દક્ષિણ એશિયામાં ગરીબી દૂર કરવાના સરકારી અને બિન-સરકારી પ્રયત્નો ઉપર આબોહવાના ફેરફારોની ગંભીર અસર થયા વિના રહેતી નથી.

૨૦૧૫ સુધીમાં ગરીબીમાં જોરદાર ઘટાડો કરવા માટે સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો ૨૦૦૦માં જ ઘડવામાં આવ્યા હતા. તેમાં ઘણું બધું સિદ્ધ પણ થયું છે. પણ એ લક્ષ્યાંકો પાર પાડવા આડે આબોહવામાં પરિવર્તન મોટા અવરોધો ઊભા કરે છે. ભય એ છે કે આબોહવામાં પરિવર્તનથી વિકાસની આ પ્રક્રિયા આગળ વધતી બંધ થઈ જાય અને પછી એ ઊંધી પણ ફરે. માત્ર ગરીબીમાં તે વધારો કરે એટલું જ નહિ, પણ આરોગ્ય, પોષણ, શિક્ષણ વગેરે જેવાં ક્ષેત્રોમાં પણ પીછેહઠ થઈ શકે. તેથી દુનિયા આજે આબોહવામાં થતા પરિવર્તન સાથે પનારો પાડે છે તેની સીધી અસર માનવ વિકાસની શક્યતાઓ ઉપર પડશે.

જો એ બાબતમાં નિષ્ફળ જઈશું તો દુનિયાની વસ્તીના ૪૦ ટકા ગરીબો એટલે કે ૨૬૦ કરોડ લોકો માટે સારા ભવિષ્યની તકો ઘટશે. તેનાથી દેશોની અંદર અસમાનતાઓ વધશે તથા વૈશ્વિકીકરણની વધુ સમાવેશી તરાહ વિકસાવવા ઉપર દબાણ આવશે, તેથી સહિતો અને રહિતો વચ્ચેની ખાઈ વધશે. આજના જગતમાં ગરીબો જ આબોહવા પરિવર્તનની અસરો વેઠી રહ્યા છે. કાલે તો સમગ્ર માનવજાતે એ વેઠવાની આવશે કારણ કે ગ્લોબલ વોર્મિંગ થઈ રહ્યું છે.

પૃથ્વીના પર્યાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે અને તેથી આબોહવા અંગેની આગાહીઓ ઝડપથી બદલાઈ રહી છે. તેથી આજની દુનિયાના ગરીબો અને ભાવિ પેઢીઓના સંદર્ભમાં મોટા ખતરા ઊભા થાય છે અને તેથી પણ તત્કાળ પગલાં લેવાની આવશ્યકતા છે. સામાજિક ન્યાય, સમતા અને માનવ અધિકારોના સંદર્ભમાં તમામ દેશોએ આ અંગે નિર્ણયો લેવા પડે તેમ છે.

'સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ' (યુએનઈપી)ના વહીવટી નિયામક એશિમ સ્ટેઈનર અને 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુએનડીપી)ના વહીવટદાર કેમાલ ડર્વિસ આ અહેવાલની પ્રસ્તાવનામાં જણાવે છે કે (૧) વ્યવસ્થાઓમાં મોટાં પરિવર્તનો લાવવાં પડે તેમ છે અને નવી મહત્ત્વાકાંક્ષી નીતિઓ ઘડવી પડે તેમ છે. નાનાં નાનાં પગલાંથી કંઈ નહિ થાય. (૨) ટૂંકા ગાળામાં તે માટે વધારે ખર્ચ વેઠવું પડશે. લાંબા ગાળે મોટા લાભો થઈ શકે તેમ છે પણ અત્યારે તો મોટું ખર્ચ કરવું જ પડશે.

**કોઠા નં.૧**
**વસ્તીનું પ્રમાણ અને કાર્બન ડાયોક્સાઈડ છોડવાનું પ્રમાણ (૨૦૦૪)**

| દેશ | વસ્તીનું ટકાવારી પ્રમાણ | કાર્બન ડાયોકસાઈડ છોડવાનું ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| યુરોપીય સંઘ | ૭.૨ | ૨૦.૦ |
| અમેરિકા | ૪.૫ | ૨૦.૯ |
| કેનેડા | ૨.૨ | ૨૦.૦ |
| ચીન | ૨૦.૦ | ૧૭.૩ |
| ભારત | ૧૭.૧ | ૪.૬ |

## પર્યાવરણીય પરસ્પરાવલંબન

બીજી સમસ્યાઓ કરતાં આબોહવામાં પરિવર્તનથી સમસ્યા જુદા જ પ્રકારની છે. માનવજાત પર્યાવરણની દૃષ્ટિએ પરસ્પરાવલંબી છે. આ કોઈ અમૂર્ત ખ્યાલ નથી. તમામ દેશો અને તમામ પ્રજાઓ એક જ પર્યાવરણ ભોગવે છે. અને આપણી પાસે આ એક જ પર્યાવરણ છે. આજે આપણે એવા જગતમાં જીવીએ છીએ કે જે અનેક સ્તરે વિભાજિત છે. સંપત્તિ અને તકોની બાબતમાં મોટી ખાઈઓ પ્રવર્તે છે. અનેક પ્રદેશોમાં પ્રતિસ્પર્ધી રાષ્ટ્રવાદ સંઘર્ષનું સ્રોત છે. આ બધા જ તફાવતો છતાં આબોહવામાં થતા ફેરફારો આપણને એ વાતની યાદ અપાવે છે કે આપણી પાસે પર્યાવરણ સહિયારું છે.

આબોહવામાં પરિવર્તનને લીધે જે કંઈ જોખમો ઊભા થઈ રહ્યાં છે. તેની અસરો પણ સહિયારી છે. અહીં ત્રણ બાબતો અગત્યની છે:

૧. જેમ આપણે આળસમાં રહીશું તેમ વધારે ને વધારે પ્રમાણમાં મુસીબતો ઊભી થશે કારણ કે આબોહવામાં પરિવર્તન આવતું જ રહેશે.

૨. આ સમસ્યા એવી છે કે જો તેના પર ધ્યાન આપવામાં નહિ આવે તો સમસ્યા વધારે વકરશે. એનું નુકસાન મર્યાદિત નથી, પણ વ્યાપક છે. આંતરરાષ્ટ્રીય સંબંધોના અનેક સવાલો એવા છે કે જેમાં આળસથી વધારે હાનિ પહોંચતી નથી. આ સમસ્યા એવી છે કે જો તત્કાળ પગલાં ન લેવામાં આવે તો ગ્રીનહાઉસ વાયુઓનો ઉમેરો વાતાવરણમાં થતો જ જાય અને વાતાવરણ વધારે ગરમ થતું જ જાય.

૩. આ સમસ્યાનું ત્રીજું પાસું છે તેની વ્યાપકતા. કયો દેશ ગ્રીનહાઉસ ઉત્પન્ન કરે છે એ મહત્ત્વનું છે જ નહિ, એની અસર સમાન છે. એક દેશ દ્વારા પ્રદૂષક વાયુઓ છોડાય તો બીજા દેશ માટે તે ખતરો ઊભો કરે જ છે. ગરીબો માટે ખતરો વહેલો ઊભો થાય તેમ બને, પણ છેવટે એ ધનવાનોને અને ધનવાન દેશોને પણ અસર તો કરશે જ.

## ભલામણો

આ અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો નીચે મુજબ છે:

### બહુપક્ષીય માળખું

૧. ઔદ્યોગિક સમાજ ઊભો થયો તે અગાઉ આબોહવાનું જે સ્તર હતું તેના કરતાં ૨ અંશ સેન્ટિગ્રેડ ઊંચું સ્તર રાખવા સંમત થયું.
૨. ૨૦૩૦ સુધીમાં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ સ્થિર થાય તેમ કરવું. તે માટે તે સમયના જીડીપી (કુલ ઘરેલૂ ઉત્પાદન)ના ૧.૬ ટકા જેટલું ખર્ચ થવાનો અંદાજ છે.
૩. ૨૦૫૦ સુધીમાં ગ્રીનહાઉસ વાયુઓ છોડવાનું પ્રમાણ ૫૦ ટકા જેટલું ઘટાડવું અને તે ૧૯૯૦ના સ્તરથી ઘટેલું હોવું જોઈએ.
૪. વિકસિત દેશો ગ્રીનહાઉસ વાયુઓ છોડવાનું પ્રમાણ ૨૦૨૦ સુધીમાં ૨૦થી ૩૦ ટકા ઘટાડે અને ૨૦૫૦ સુધીમાં ૮૦ ટકા ઘટાડે.
૫. ગરીબ દેશોમાં ગ્રીનહાઉસ વાયુઓ વધુ છોડનારા દેશો ૨૦૨૦ સુધી જ વધારે પ્રમાણમાં વાયુઓ છોડી શકે પણ ૨૦૫૦ સુધીમાં ૨૦ ટકા પ્રમાણ ઘટાડે.

### નિવારણ માટેનાં પગલાં

૧. તમામ ધનવાન દેશોમાં રાષ્ટ્રીય કાર્બન બજેટ બનાવાય અને ૧૯૯૦ના સ્તરથી કાર્બન ડાયોક્સાઈડ ઘટાડવા માટે રાષ્ટ્રીય કાનૂન ઘડવામાં આવે.

**કોઠા નં.૨**
**કાર્બન ડાયોક્સાઈડ છોડવાનું માથાદીઠ પ્રમાણ (૨૦૦૪)**

| દેશ | કાર્બન ડાયોકસાઈડ છોડવાનું માથાદીઠ પ્રમાણ (વાર્ષિક ટન) |
|---|---|
| યુરોપીય સંઘ | ૮-૧૦ |
| અમેરિકા | ૨૦.૬ |
| કેનેડા | ૨૦.૦ |
| ચીન | ૩.૮ |
| ભારત | ૧.૨ |

૨. કરવેરા અને કેપ એન્ડ ટ્રેડ પ્રોગ્રામ દ્વારા કાર્બનની કિંમત નક્કી કરવામાં આવે.

૩. ૨૦૧૦માં કાર્બન વેરો નાખવામાં આવે. તે એક ટન દીઠ ૧૦થી ૨૦ અમેરિકન ડોલર હોય અને તે પછી વધતો વધતો ૬૦થી ૧૦૦ ડોલર જેટલો થાય.

૪. કેપ એન્ડ કાર્યક્રમ એવી રીતે ચલાવવો કે જેથી ૨૦૨૦ સુધીમાં કાર્બન ડાયોક્સાઈડ હવામાં છૂટવાનું પ્રમાણ ૨૦થી ૩૦ ટકા ઘટે અને ૨૦૧૫ સુધીમાં તેમાં અપાતી છૂટછાટના ૯૦થી ૧૦૦ ટકાની હરાજી થાય.

૫. કાર્બન ટેક્સની આવકનો ઉપયોગ કરવેરામાં સુધારા કરવા માટે કરવો. મૂડી રોકાણ અને શ્રમ ઉપરના વેરા ઘટે અને ઓછો કાર્બન ડાયોક્સાઈડ છોડતી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવામાં આવે.

૬. યુરોપીય સંઘે એમિશન ટ્રેડિંગ સીસ્ટમ વિકસાવી છે. તેમાં જથ્થાત્મક નિયંત્રણો છે. તે હટાવવાં, તેમાં હરાજી વધારવી અને ખાનગી ક્ષેત્રને થતાં અચાનક લાભોની મર્યાદા નક્કી કરવી.

૭. પુનર્પ્રાપ્ય ઊર્જા માટે એક પ્રકારે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવું. તે માટે જકાતો અને બજાર નિયમનનો રસ્તો અપનાવવો. પુનર્પ્રાપ્ય ઊર્જા ૨૦૨૦ સુધીમાં ૨૦ ટકા થાય તેવો લક્ષ્યાંક રાખવો.

૮. મકાનો અને સાધનો માટે નિયમનકારી ધોરણો અપનાવી ઊર્જાની કાર્યક્ષમતા વધારવી.

૯. યુરોપીય સંઘ અને અમેરિકામાં પરિવહન ક્ષેત્ર દ્વારા જે કાર્બન ડાયોક્સાઈડ છોડવામાં આવે છે તેનું પ્રમાણ ઘટાડવું. યુરોપીય સંઘે તે પ્રમાણે ૨૦૧૨ સુધીમાં એક કિ.મી. દીઠ ૧૨૦ કિગ્રાનું કરવું અને ૨૦૨૦ સુધીમાં ૮૦ કિગ્રાનું કરવું. અમેરિકામાં કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ ઈકોનોમી સ્ટાન્ડર્ડ્ઝ વધારે કડક બનાવવાં.

૧૦. કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ ઉપર ધ્યાન કેન્દ્રિત કરનારી ટેક્નોલોજી વિકસે તે માટે નાણાકીય અને નિયમનકારી ટેકો પૂરો પાડવો. અમેરિકાએ ૨૦૧૫ સુધીમાં આવા ૩૦ નિદર્શન પ્લાન્ટ ઊભા કરવા અને યુરોપીય સંઘે પણ એવો લક્ષ્યાંક રાખવો જોઈએ.

### આંતરરાષ્ટ્રીય સહકાર

૧. આધુનિક ઊર્જા સેવાઓની પ્રાપ્તિ માટે આંતરરાષ્ટ્રીય સહકાર વધારવો અને બાયોમાસ ઉપરનું અવલંબન ઘટાડવું. અત્યારે ૨૫૦ કરોડ લોકો ઊર્જા માટે બાયોમાસ ઉપર જ આધાર રાખે છે.

૨. વિકસતા દેશોમાં કાર્બન હવામાં છોડવાનું પ્રમાણ ઘટાડવું. તે માટે ઊર્જા ક્ષેત્રે સુધારા કરવા. ટેક્નોલોજીની તબદીલી અને નાણાકીય ટેકો તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

૩. 'ક્લાઈમેટ ચેન્જ મિટિગેશન ફેસિલિટી' ૨૫થી ૫૦ અબજ ડોલર સાથે ઊભી કરવી. વિકસતા દેશોમાં ઓછો કાર્બન છોડનારી ટેક્નોલોજીને તેના દ્વારા પ્રોત્સાહન આપવું. તે માટે ગ્રાન્ટ, રાહતના દરે સહાય અને રોકાણમાં જોખમ સામે બાંયધરીને પ્રાધાન્ય મળે. દરેક દેશમાં તે માટે રાષ્ટ્રીય કક્ષાના ઊર્જા સુધાર કાર્યક્રમો અપનાવાય.

૪. 'ક્લીન ડેવલપમેન્ટ મિકેનિઝમ' દ્વારા ક્યોટો પ્રોટોકોલ અન્વયે

### કોઠા નં.૩

### આબોહવામાં પરિવર્તનની આરોગ્ય ઉપરની અસરો

આબોહવા પરિવર્તનની ભારતમાં આરોગ્ય ઉપર મહત્ત્વની અસરો ઊભી થશે એમ જણાવવામાં આવે છે. ગરીબો, વિકલાંગો, યુવાનો અને વૃદ્ધો તેમાં સૌથી વધારે અસહાયતા અનુભવે છે એમ લાગે છે. આ જૂથો એવાં છે કે આરોગ્યની સવલતો તેમને મર્યાદિત પ્રમાણમાં જ પ્રાપ્ત થાય છે. વધારાનું તબીબી ખર્ચ સહન કરી શકે તેટલી તેમની આવક પણ હોતી નથી. પરિણામે આબોહવાના પરિવર્તનથી તેમના આરોગ્ય ઉપર જે વિપરીત અસર થશે તે તેમની આરોગ્ય અંગેની સમસ્યાને વધારે વકરાવશે.

આરોગ્ય ઉપર આબોહવાના પરિવર્તનની અસર અનેક પ્રકારની હોઈ શકે છે એમ નિષ્ણાતો જણાવે છે. ગરમી સાથે સંબંધિત મોત, પાણી જન્ય રોગો જંતુજન્ય રોગો, હવામાનમાં થતા આત્યંતિક ફેરફારોને પરિણામે મૃત્યુ અને અન્ન તથા પાણીની અસલામતીની થતી અસરો વગેરે મુસીબતો ઊભી થઈ શકે છે.

આબોહવાના પરિવર્તનની વધારે વિપરીત અસરો મહિલાઓના આરોગ્ય ઉપર પડી શકે છે. ભારતમાં થયેલા અનેક અભ્યાસો એમ દર્શાવે છે કે છેલ્લા એક દાયકા દરમ્યાન ગરમી અને ઠંડીનાં મોજાંને પરિણામે પુરુષો કરતાં સ્ત્રીઓનાં વધારે મોત થયાં છે. જાહેર આરોગ્ય સામે પણ વધારે મોટો ખતરો ઊભો થવાની શક્યતાઓ રહે છે માટે આરોગ્યની સવલતો અંગેના આયોજન ઉપર વિશેષ ભાર મૂકવાની જરૂર છે. તે ઉપરાંત, તબીબોએ ખાસ કરીને વધતી જતી અસહાય લોકોની માંગ પહોંચી વળવા માટે પોતાની ક્ષમતા વધારવી પડે તેમ છે. એવો એક અંદાજ છે કે ગરમીને પરિણામે થતાં મૃત્યુનો દર વધી શકે છે. તેનું કારણ એ છે કે ગરીબો, વૃદ્ધો, રોજમદારો અને ખેતમજૂરોને ગરમી સાથે સંબંધિત રોગો વધારે પ્રમાણમાં થવાની શક્યતા રહે છે.

## કોઠા નં.૪

## ૨૧મી સદીનો પડકાર

વૈશ્વિક તાપમાનમાં વધારો થઈ જ રહ્યો છે. ઔદ્યોગિક યુગ શરૂ થયો ત્યારપછી તાપમાનમાં દુનિયાભરમાં સરેરાશ ૦.૭ અંશ સેન્ટિગ્રેડનો વધારો થયો છે અને આ વધારામાં ઝડપ થઈ રહી છે. વધારે ને વધારે વૈજ્ઞાનિક પૂરાવાઓ એમ દર્શાવી રહ્યા છે કે પૃથ્વીના વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ વધી રહ્યું છે તેને પરિણામે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે.

આબોહવામાં થતું પરિવર્તન કેટલું સલામત અને કેટલું ખતરનાક એવી કોઈ ભેદ રેખા દોરી શકાય તેમ નથી. દુનિયાના સૌથી વધારે ગરીબ લોકોને અને સૌથી વધારે નાજુક એવી પર્યાવરણીય વ્યવસ્થાઓને આબોહવાના પરિવર્તનની ભયાનક અસરો સહન કરવાની આવી રહી છે. ૨ અંશ સેન્ટિગ્રેડથી વધારે તાપમાનમાં ફેરફાર થાય તો તેને પરિણામે માનવ વિકાસમાં મોટા પાયા પર ફેરફારો થશે અને જોખમો વધશે. તે ઉપરાંત, પર્યાવરણના ક્ષેત્રે એવું નુકસાન થશે કે જે કદી પણ ભરપાઈ થઈ શકશે નહીં.

જો, જે પ્રકારની પરિસ્થિતિમાં માનવજાત અત્યારે જીવી રહી છે તેવા જ પ્રકારની પરિસ્થિતિ ચાલુ રહે તો ૨ અંશ સેન્ટિગ્રેડથી પણ વધારે પ્રમાણમાં તાપમાન વધે એવી શક્યતાઓ છે. જો એવું ન થવા દેવું હોય તો ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ઘટાડવું પડે તેમ છે. જો કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૫૫૦ પીપીએમ થાય તો ૨ અંશ સેન્ટિગ્રેડથી વધારે તાપમાન ન વધે એવી શક્યતાઓ ૮૦ ટકા જેટલી રહે છે. લોકો પોતાના વ્યક્તિગત જીવનમાં એવા ફેરફારો કરવા માટે જાણી જોઈને ત્યારે જ તૈયાર થાય કે જ્યારે તેમને આવા ગંભીર પરિવર્તનની ખબર પડે. આ રીતે જોઈએ તો ૨૧મી સદીમાં માનવજાત સામે ઘણો મોટો ગંભીર ખતરો ઊભો થઈ રહ્યો છે. જો કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ૭૫૦ પીપીએમથી પણ વધી જાય તો તાપમાનમાં સરેરાશ ૫ અંશ સેન્ટિગ્રેડ જેટલો વધારો થઈ શકે તેમ છે.

આ પરિસ્થિતિને પરિણામે માનવ વિકાસ ઉપર મોટા પ્રમાણમાં વિપરીત અસર થશે કારણ કે જીવન નિર્વાહ ઉપર વિપરીત અસર થશે અને મોટા પ્રમાણમાં વિસ્થાપન થશે. દુનિયાની ૧૫ ટકા વસ્તી ધરાવતાં ધનવાન દેશો લગભગ ૫૦ ટકા જેટલો કાર્બન ડાયોક્સાઈડ હવામાં છોડે છે તેથી તેનું પ્રમાણ ઘટાડવાની જવાબદારી તેમની વિશેષ પ્રમાણમાં છે.

જે અન્ય જોગવાઈઓ કરાઈ હોય તે મુજબ દરેક પરિયોજનાને આધારે 'કાર્બન નાણાં'ની વ્યવસ્થા કરવી. દરેક દેશની રાષ્ટ્રીય વ્યૂહરચના તેને ટેકો આપે તેવી વ્યવસ્થા કરવી અને કાર્બન પ્રદૂષણ ઓછું કરનારી ટેક્નોલોજી તરફ વળવાને પ્રોત્સાહન આપવું.

૫. કોલસા વિશે આંતરરાષ્ટ્રીય સહકાર મોટા પ્રમાણમાં વધારવો અને તેમાં કાર્બનના ઘટાડાને પ્રોત્સાહન આપવું.
૬. વનોના જતન અને ચિરંતન સંચાલન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહનો આપવાં.
૭. કાર્બન ઘટાડા માટેની નાણાકીય વ્યવસ્થા ઔદ્યોગિક ક્ષેત્ર ઉપરાંત પણ વિસ્તારવી, અને ગરીબોને લાભ મળે તેવી વ્યવસ્થાઓ અપનાવવી.

### ગરીબીમાં ઘટાડો

૧. આબોહવામાં પરિવર્તન લાવવા માટે જગત પ્રતિબદ્ધ છે એ સ્વીકારવું અને કડકમાં કડક પગલાં લેવાશે તો પણ ૨૦૩૦ના દાયકાના મધ્ય સુધીમાં કોઈ મોટો ફેરફાર થવાનો નથી અને પરિસ્થિતિ સુધરે તો પણ ૨૦૫૦ સુધીમાં દુનિયાભરમાં તાપમાન ઊંચું જવાનું જ છે.
૨. વિકસતા દેશોની આબોહવામાં ફેરફારથી ઊભા થતાં જોખમો માપવાની અને રાષ્ટ્રીય આયોજન તેને ધ્યાનમાં રાખીને કરવાની ક્ષમતા વધારવી.
૩. સહરાતટીય પ્રદેશોમાં હવામાન દેખરેખ ક્ષમતા વધે તે માટે જી-૮ દેશોએ જે વચનો આપ્યાં છે તેનું પાલન કરવામાં આવે. તે માટે તેમની સાથે ભાગીદારી કરવામાં આવે.
૪. સામાજિક સુરક્ષા, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોએ રોકાણ કરીને આબોહવાના ફેરફારોનો પ્રતિકાર કરવાની અસહાય લોકોની ક્ષમતા વધારવી અને તેમને સક્ષમ બનાવવા.
૫. ગરીબી ઘટાડવાની વ્યૂહરચનાઓમાં ઉપરોક્ત કાર્યક્રમોનો સમાવેશ કરવો અને સંપત્તિ, સ્ત્રી-પુરુષ ભેદભાવ, સ્થાન અને બજારને લીધે ઊભી થતી અસમાનતાઓ દૂર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.
૬. ૨૦૧૬ સુધીમાં ધનવાન દેશોમાંથી ગરીબ દેશોમાં સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે ઓછામાં ઓછા ૮૬ અબજ ડોલરની તબદીલી કરવી, અને માનવ વિકાસમાં પીછેહઠ ના થાય તેનું ધ્યાન રાખવું.
૭. આબોહવા સાથે સંબંધિત માનવતાવાદી કટોકટીઓનો પ્રતિભાવ આપવા માટે બહુપક્ષીય જોગવાઈઓ વધારવી અને આપત્તિ પછીના પ્રતિકારની ક્ષમતા વધારવી. 'સંયુક્ત રાષ્ટ્રો'ની વ્યવસ્થાનો તે માટે ઉપયોગ કરવો. વિશ્વ બેંક દ્વારા તે અંગે ઊભી કરાયેલી

**કોઠા નં.૫**

**કાર્બન ડાયોક્સાઈડ છોડવાનું વિવિધ દેશોનું પ્રમાણ**

| દેશ | કુલ મે.ટન ૧૯૯૦ | કુલ મે.ટન ૨૦૦૪ | વૃદ્ધિ દર ૧૯૯૦-૨૦૦૪ | વિશ્વમાં ફાળો (ટકા) ૧૯૯૦ | વિશ્વમાં ફાળો (ટકા) ૨૦૦૪ | માથાદીઠ ટન ૧૯૯૦ | માથાદીઠ ટન ૨૦૦૪ |
|---|---|---|---|---|---|---|---|
| અમેરિકા | ૪૮૧૮ | ૬૦૪૬ | ૨૫ | ૨૧.૨ | ૨૦.૯ | ૧૯.૩ | ૨૦.૬ |
| ચીન | ૨૩૯૯ | ૫૦૦૭ | ૧૦૯ | ૧૦.૬ | ૧૭.૩ | ૨.૧ | ૩.૮ |
| રશિયા | ૧૯૮૪ | ૧૫૨૪ | -૨૩ | ૮.૭ | ૫.૩ | ૧૩.૪ | ૧૦.૬ |
| ભારત | ૬૮૨ | ૧૩૪૨ | ૯૭ | ૩.૦ | ૪.૬ | ૦.૮ | ૧.૨ |
| જાપાન | ૧૦૭૧ | ૧૨૫૭ | ૧૭ | ૪.૭ | ૪.૩ | ૮.૭ | ૯.૯ |
| જર્મની | ૯૮૦ | ૮૦૮ | -૧૮ | ૪.૩ | ૨.૮ | ૧૨.૩ | ૯.૮ |
| કેનેડા | ૪૧૬ | ૬૩૯ | ૫૪ | ૧.૮ | ૨.૨ | ૧૫.૦ | ૨૦.૦ |
| યુકે | ૫૭૯ | ૫૮૭ | ૧ | ૨.૬ | ૨.૨ | ૧૦.૦ | ૯.૮ |
| ઈટાલી | ૩૯૦ | ૪૫૦ | ૧૫ | ૧.૭ | ૧.૬ | ૬.૯ | ૭.૮ |
| દક્ષિણ આફ્રિકા | ૩૩૨ | ૪૩૭ | ૩૨ | ૧.૫ | ૧.૫ | ૯.૧ | ૯.૮ |
| ઈન્ડોનેશિયા | ૨૧૪ | ૩૭૮ | ૭૭ | ૦.૯ | ૧.૩ | ૧.૨ | ૧.૭ |
| ફ્રાંસ | ૩૬૪ | ૩૭૩ | ૩ | ૧.૬ | ૧.૩ | ૬.૪ | ૬.૦ |
| બ્રાઝિલ | ૨૧૦ | ૩૩૨ | ૫૮ | ૦.૯ | ૧.૧ | ૧.૪ | ૧.૮ |
| કઝાખસ્તાન | ૨૫૯ | ૨૦૦ | -૨૩ | ૧.૧ | ૦.૭ | ૧૫.૭ | ૧૩.૩ |
| યુક્રેન | ૬૦૦ | ૩૩૦ | -૪૫ | ૨.૬ | ૧.૧ | ૧૧.૫ | ૭.૦ |
| પોલેન્ડ | ૩૪૮ | ૩૦૭ | -૧૨ | ૧.૫ | ૧.૧ | ૯.૧ | ૮.૦ |
| ઈરાન | ૨૧૮ | ૪૩૩ | ૯૯ | ૧.૦ | ૧.૫ | ૪.૦ | ૬.૪ |
| સાઉદી અરેબિયા | ૨૫૫ | ૩૦૮ | ૨૧ | ૧.૧ | ૧.૧ | ૧૫.૯ | ૧૩.૬ |
| તુર્કી | ૧૪૬ | ૨૨૬ | ૫૫ | ૦.૬ | ૦.૮ | ૨.૬ | ૩.૨ |

વ્યવસ્થાનો પણ ઉપયોગ કરી શકાય.

૮. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો પાર પાડવા માટે અને કાર્બનમાં ઘટાડો સિદ્ધ કરવા માટે વિકાસલક્ષી સહાય ઉપરાંતની નાણાંકીય વ્યવસ્થાઓનો પણ વિચાર કરવો જોઈએ. એ માટે કાર્બન વેરો, હવાઈ પરિવહન વેરો વગેરે જેવાઓનો ઉપયોગ કરી શકાય.

૯. અત્યારે મર્યાદિત પ્રમાણમાં જે બહુપક્ષીય નાણાકીય વ્યવસ્થા ઊભી થઈ છે. તેનું માળખું સુધારવું અને પ્રોજેક્ટને બદલે કાર્યક્રમ-આધારિત નાણાકીય વ્યવસ્થા ઊભી કરવી. સંક્રમણનું ખર્ચ ઊંચું ન હોય તે પણ જોવું.

૧૦. અસહાયતા ઘટે તે માટે પ્રાથમિકતાનાં ક્ષેત્રો નક્કી કરવાં અને વર્તમાન કાર્યક્રમોનો વ્યાપ વધે તે માટે પ્રયત્ન કરવો. ખાસ કરીને ગરીબ દેશોમાં ગરીબી ઘટાડા માટેની વ્યૂહરચના વાસ્તવિક અંદાજો સાથે તૈયાર કરવી.

## ભારતમાં ખેતી અને અન્ન સલામતી ઉપર થનારી અસરો

વૈશ્વિક તાપમાનમાં થનારા વધારાને પરિણામે પાકની ઉત્પાદકતા મોટા પ્રમાણમાં ઘટશે અને ખાસ કરીને બિન-પિયત જમીનમાં તે ઘટશે એમ જણાવવામાં આવે છે. ભારતમાં જીવન નિર્વાહ માટે ખેતી મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. જો તાપમાનમાં વધારો થાય તો વરસાદ ઉપર તેની ઘણી વિપરીત અસર થશે તેને પરિણામે અનેક ગ્રામ વિસ્તારોમાં આકાશી ખેતી ધરાવતાં પરિવારોમાં ભૂખમરાની શક્યતા વધવાની સંભાવના રહે છે. જેઓ સિંચાઈ ઉપર આધાર રાખે છે તેવા લોકોએ પણ પાણીની તંગી સર્જાય તેવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે.

ભારતના અર્થતંત્રમાં લગભગ ૨૨ ટકા જેટલી આવક ખેતીમાંથી પ્રાપ્ત થાય છે અને ૫૨ ટકા લોકો ખેતી ઉપર જીવનનિર્વાહ માટે

### કોઠા નં.૬

### ખતરાને ટાળવામાં ભારે ખર્ચ થશે

જો દુનિયાને એક જ દેશ ગણવામાં આવે તો ૨૦૫૦ સુધીમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ૧૯૯૦ના સ્તરથી અડધા જેટલું કરવું પડે. તેનો અર્થ એ થયો કે ૨૧મી સદીના અંત સુધી તેમાં સતત ઘટાડો કરતા જઈએ તો ગંભીર ખતરાને ટાળી શકાય. પરંતુ દુનિયા એક જ દેશ નથી. તેનો અર્થ એવો થાય કે ધનવાન દેશોએ ગ્રીનહાઉસ વાયુઓ છોડવાનું પ્રમાણ ૮૦ ટકા જેટલું ઘટાડવું પડે તેમ છે. તેમણે ૨૦૨૦ સુધીમાં તે માટે ૩૦ ટકા જેટલો કાપ મૂકવો પડે. વિકસતા દેશોનું ગ્રીનહાઉસ વાયુઓ છોડવાનું પ્રમાણ ૨૦૨૦ સુધીમાં સૌથી વધારે થશે. તેમણે ૨૦૫૦ સુધીમાં ૨૦ ટકા જેટલો કાપ મૂકવાનો થાય. અત્યારથી માંડીને ૨૦૩૦ સુધીમાં જો, ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ઘટાડવા માટે પ્રયત્ન કરવામાં આવે તો દર વર્ષે જીડીપીના ૧.૬ ટકા જેટલું ખર્ચ થાય. આ એક મોટું રોકાણ છે. પરંતુ દુનિયામાં થતાં લશ્કરી ખર્ચના ૨.૩૩ કરતાં પણ તે ઓછું ખર્ચ છે. એટલે જો તેને માટે તૈયારી બતાવવામાં આવે તો તે ખર્ચ કરી શકાય તેમ છે. કેટલાંક અભ્યાસો એમ દર્શાવે છે કે આ ખર્ચ વધીને જીડીપીના ૫થી ૨૦ ટકા જેટલું થઈ શકે તેમ છે. ૧૯૯૦ પછી કાર્બન ડાયોકસાઈડ હવામાં છોડવાનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. ક્યોટો પ્રોટોકોલ નામની સંધિ અનુસાર ઘણા બધા દેશોએ આ પ્રમાણ ઘટાડવાની સંમતિ આપી છે. બધા વિકસિત દેશોએ આ સંધિમાં જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે તે લક્ષ્યાંકો મુજબ ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ઘટાડવાની શરૂઆત કરી નથી. જો તેમણે એ કરી હોત તો સરેરાશ પાંચ ટકાનો ઘટાડો તેમાં થઈ શક્યો હોત. ગરીબ દેશોએ ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ઘટાડવા માટે કોઈ સંમતિ આપી નથી. જો આગામી ૧૫ વર્ષના ગાળા દરમ્યાન ગયા ૧૫ વર્ષ દરમ્યાન જેટલા પ્રમાણમાં ગ્રીનહાઉસ વાયુઓ છોડવામાં આવ્યા છે તેટલા પ્રમાણમાં તે છોડવામાં આવે તો આબોહવામાં ખતરનાક પરિવર્તનને ટાળી શકાય નહીં.

અત્યારે જે વલણો પ્રવર્તે છે અને જે નીતિઓ દુનિયાભરના દેશો અપનાવે છે તેનાથી તો એમ જણાય છે કે ૨૦૩૦ સુધીમાં કાર્બન ડાયોકસાઈડ હવામાં છોડવાનું પ્રમાણ ઊર્જાના ઉપયોગને લીધે ૨૦૦૫ના સ્તરથી ૫૦ ટકા જેટલું વધશે. ઊર્જાની માંગ સંતોષવા માટે ૨૦૦૪થી ૨૦૩૦ના ગાળા દરમ્યાન લગભગ ૨૦ હજાર અબજ ડોલર ખર્ચવામાં આવશે એવો અંદાજ છે. જો આ ખર્ચ થાય અને ઊર્જાની વપરાશ વધે તો ગ્રીનહાઉસ વાયુઓ હવામાં છોડવાનું પ્રમાણ વધે એ સ્વાભાવિક છે. મુખ્યત્વે આ વધારો તાપવિદ્યુતને પરિણામે થશે.

આધાર રાખે છે. તેમને માટે ખેતી એ આવકનો મુખ્ય સ્રોત છે. આબોહવામાં પરિવર્તનથી ઊભી થતી કોઈ પણ અસર કરોડો લોકોના જીવન પર ગંભીર અસર ઊભી કરશે અને દેશના વિકાસ ઉપર નકારાત્મક અસર ઊભી કરશે. અનેક લોકો માટે અન્ન સલામતીનો ગંભીર ખતરો ઊભો થશે. ભારતના કરોડો લોકોને અત્યારે જ આબોહવામાં પરિવર્તનની વિપરીત અસરોનો અનુભવ થઈ રહ્યો છે. ગ્રામ વિસ્તારોમાંથી તેને પરિણામે શહેરી વિસ્તારો તરફ વૈકલ્પિક જીવનનિર્વાહની શોધમાં મોટા પાયે સ્થળાંતર થાય એવી શક્યતાઓ રહે છે.

પિટરસન ઈન્સ્ટિટ્યુટ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિક્સ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર ભારતની ખેતીને દુનિયાના કોઈ પણ દેશ કરતાં વધારે પ્રમાણમાં આબોહવામાં પરિવર્તનની વિપરીત અસર થવાની શક્યતાઓ છે. જો ૨૦૮૦ સુધીમાં દુનિયામાં તાપમાન ૪.૪ અંશ સેન્ટિગ્રેડ જેટલું વધે તો ભારતનું ખેતી ક્ષેત્રનું ઉત્પાદન ૩૦થી ૪૦ ટકા જેટલું ઘટશે એમ આ અભ્યાસ જણાવે છે. ભારતનાં કેટલાંક રાજ્યોમાં મોટા પાયા પર દુકાળ અને પુરની પરિસ્થિતિ ઊભી થાય અને તેને પરિણામે રાજકોષીય નુકસાન થાય એવી પણ શક્યતાઓ છે.

જો, દરિયાના સ્તરમાં વધારો થાય તો બાંગ્લાદેશમાંથી ૩.૫ કરોડ લોકો ભારતમાં નિર્વાસિતો બને એવી પણ શક્યતાઓ જણાય છે. આથી ભારતની આરોગ્ય અને સફાઈ ક્ષેત્રની હાલની નબળી સ્થિતિ ઉપર વધારે દબાણ ઊભું થાય એવી સંભાવનાઓ રહે છે. આવી શક્યતાઓ છતા ભારતનો પ્રતિભાવ સંપૂર્ણપણે અપર્યાપ્ત છે એમ જણાવવામાં આવે છે. જો તાપમાનમાં એક અંશ સેન્ટિગ્રેડનો વધારો થાય તો ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં ૫થી ૧૦ ટકા જેટલો ઘટાડો થશે એવો અંદાજ મૂકવામાં આવ્યો છે.

## ઉપસંહાર

વૈશ્વિક તાપમાનમાં વધારો એ આ રીતે વૈશ્વિક સમસ્યા છે પરંતુ તેનો ઉકેલ માત્ર વૈશ્વિક નથી. વૈશ્વિક સ્તરે પગલાં લેવાવાં જોઈએ પરંતુ દરેક દેશે ગ્રીનહાઉસ વાયુઓ છોડવાનું પ્રમાણ ઘટાડવું પડશે. આ માટે દરેક દેશના લોકોએ પોતાની જીવનશૈલીમાં ફેરફાર કરવો પડશે. પૃથ્વી ઉપરનાં સંસાધનોની વપરાશ કરવાની બાબતમાં જુદા જુદા દેશોની અંદર અને જુદા જુદા દેશો વચ્ચે જે તફાવતો નજરે પડે છે તે દૂર કરવાની આવશ્યકતા છે. સ્પષ્ટ છે કે આ બાબતમાં ધનવાન દેશોની જવાબદારી વિશેષ પ્રમાણમાં છે. ઉચ્ચ વપરાશનું સ્તર જાળવવાને બદલે માનવ વિકાસ અને ચિરંતન વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવું પડશે.

# સાંપ્રત પ્રવાહ

## ડીએસસીને 'ઈન્ડિયા પાવર એવોર્ડ' અપાયો

'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' (ડીએસસી)ને સહભાગી સિંચાઈ સંચાલન, જળસ્રાવ સંચાલન બદલ ૨૦૦૮નો પ્રતિષ્ઠિત 'ઈન્ડિયા પાવર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. રાજ્યના ખેડૂતોનું આ સન્માન છે એમ ડીએસસીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. દેશભરમાંથી મળેલાં ૫૨ નામાંકનોમાંથી આ એવોર્ડ માટે ડીએસસીની પસંદગી કરવામાં આવી હતી.

કાઉન્સિલ ઓફ પાવર યુટિલિટીઝ (સીપીયુ) અને કેવી કોન્ફરન્સિસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા અપાતો આ એવોર્ડ એવાં સંગઠનોને અને વ્યક્તિઓને આપવામાં આવે છે કે જેમણે પાણી અને જળ ક્ષેત્રે પ્રદાન આપ્યું હોય. તા.૩-૧૧-૨૦૦૮ના રોજ દિલ્લીમાં વિખ્યાત કૃષિ વિજ્ઞાની ડો. એમ. એસ. સ્વામીનાથન, ભારત સરકારના વિદ્યુત સચિવ અને ભારત સરકારના જળ સંસાધન સચિવ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

ડીએસસી ઉપરાંત વિવિધ રાજ્યોનાં વિદ્યુત બોર્ડ્ઝ, ગુજરાત સરકારની જ્યોતિ ગ્રામ યોજના અને નંદી ફાઉન્ડેશનને પણ આ એવોર્ડ એનાયત કરાયો હતો.

સરકાર, બિન-સરકારી સંગઠનો અને સમુદાય-આધારિત સંગઠનોના પ્રાકૃતિક સંસાધન વિકાસ અંગેના સંયુક્ત પ્રયાસોનું આ સન્માન છે એમ ડીએસસીના વહીવટી નિયામક સચીન ઓઝાએ જણાવ્યું હતું. ઉત્તર ગુજરાતમાં સહભાગી સિંચાઈની પરિયોજનાઓને ડીએસસી દ્વારા જે પ્રોત્સાહન અપાયું તે માત્ર ગુજરાત રાજ્ય માટે જ નહિ પણ સમગ્ર દેશ માટે નમૂનારૂપ છે. ડીએસસીના સ્થાપક અધ્યક્ષ શ્રી અનિલભાઈ શાહે જળ, જમીન અને કૃષિ ક્ષેત્રે ચિરંતન વિકાસના પ્રયાસો કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. અસંખ્ય ખેડૂતો કે જેઓ આકાશી ખેતી પર નભે છે તેમને માટે જળસ્રાવ સંચાલન કાર્યક્રમે આશાઓ ઊભી કરી હતી. આ પ્રકારનાં કાર્યો કૃષિ વિસ્તરણ કાર્યને માટે અસરકારક સાધન પુરવાર થયાં છે. ડીએસસીને ઓરિસ્સા અને મધ્ય પ્રદેશ જેવાં રાજ્યોમાં આ કાર્ય કરવા માટે નિમંત્રણ પણ આપવામાં આવ્યું છે.




ઉત્તર ગુજરાતમાં ધરોઈ વિસ્તારમાં જે કાર્યો કરાયાં તેમાં માત્ર જળ વિતરણ ઉપર જ નહિ પરંતુ જળ સંચાલન, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને ઉત્પાદકતામાં વૃદ્ધિ ઉપર ધ્યાન આપવામાં આવ્યું હતું. સાબરકાંઠાના સંખ્યાબંધ ખેડૂતો ડીએસસીના આ જ પ્રકારના પ્રયાસોને લીધે એક પાકને બદલે ત્રણ પાક લેતા થયા છે. જમીનના પરીક્ષણ અને સુધારેલા બિયારણને લીધે તેઓ ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં વધારો થઈ શક્યો છે. આ જ વિસ્તારમાં સહકારી મંડળીઓને લીધે સહભાગી સિંચાઈ સંચાલન શક્ય બન્યું છે. ડીએસસીનો 'સજ્જતાનો સંઘ લાવે ખેતીમાં રંગ' નામનો રેડિયો કાર્યક્રમ વિકાસલક્ષી પ્રત્યાયનનું એક નોંધપાત્ર ઉદાહરણ છે.

## દલિત ગરિમા યાત્રા

'દલિત અધિકાર અભિયાન' દ્વારા દલિતોને માનવ અધિકારોના મુદ્દે સંગઠિત કરવાનો જે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેના ભાગરૂપે ૩-૧૯ નવેમ્બર ૨૦૦૮ દરમ્યાન 'દલિત ગરિમા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા ૮૮ ગામોમાં ફરી હતી. આ યાત્રા જોધપુરના મંદોર, ભોપાલગઢ, ઓસિયાં, શેરગઢ તથા બાલેસર, બાડમેરના બલોતરા, સિવાના અને સિણધરી અને જેસલમેરના પોખરણ તાલુકાનાં ગામોમાં ફરી હતી. આ યાત્રામાં મહિલાઓના અધિકારો, જાહેર સેવાઓમાં ભ્રષ્ટાચાર તથા ભેદભાવ અને દલિતો તથા મહિલાઓ સંબંધી કાયદા અંગે સામુદાયિક જાગૃતિ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. 'દલિત અધિકાર અભિયાન' દ્વારા છેલ્લા કેટલાક સમયથી મહિલાઓના જમીનના અધિકારો અને સામાજિક સુરક્ષાને વિશે જે કાર્ય કરવામાં આવ્યું છે તેના વિશે સમજ ઊભી કરવાના પ્રયાસો આ યાત્રા દરમ્યાન કરવામાં આવ્યા.




આ યાત્રાનું આયોજન ત્રણ ભાગમાં કરવામાં આવ્યું હતું. લોકશિક્ષમ માટે સ્થાનિક સંચાર દળ, સ્થાનિક દલિત નેતૃત્વ, અને સરળ દલિત સાહિત્યાનો ઉપયોગ કરવામાં આવ્યા. ઔપચારિક કાર્યક્રમ પછી સ્થાનિક નેતૃત્વ સાથે ગામના ખાસ પ્રશ્નો વિશે સઘન ચર્ચા થતી હતી અને તેમાં કોઈક કાર્યલક્ષી યોજના બનાવવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. સમગ્ર યાત્રા દરમ્યાન ભોજન અને નિવાસની વ્યવસ્થા સ્થાનિક સંગઠન દ્વારા કરવામાં આવતી હતી.

સમગ્ર યાત્રા દરમ્યાન લગભગ તમામ સ્થળોએ મહિલાઓની સહભાગિતા સારી રહી. કેટલાંક સ્થળોએ બિન-દલિત સમુદાય પણ યાત્રામાં સહભાગી થયો હતો એ એની વિશેષતા હતી. અનેક ગામોમાં 'દલિત અધિકાર અભિયાન'ની ઓળખ દલિતો પરના અન્યાયનો સામનો કરનારા સંગઠન તરીકેની હતી. તેને બદલે હવે ન્યાય-આધારિત સમતામૂલક સંગઠન તરીકેની ઓળખ તે બનાવી શક્યું છે એમ લાગ્યું. પહેલી જ વાર 'દલિત અધિકાર અભિયાન' દ્વારા મહિલાઓના જમીનના અધિકાર માટે નવેસરથી વિચારવાની વાત જાહેર રીતે કરવામાં આવી અને પરંપરાગત વિચારો ત્યજવા માટે હાકલ કરવામાં આવી. આ મુદ્દે સમુદાયની પ્રતિક્રિયા મિશ્ર હતી પરંતુ યાત્રા નિમિત્તે પારિવારિક અને સામુદાયિક સ્તરે આ મુદ્દે ચર્ચાનો આરંભ થયો.

આ યાત્રાના માધ્યમથી લગભગ ૧૫,૦૦૦ દલિતો સુધી 'દલિત અધિકાર અભિયાન'નો સંદેશો પહોંચાડી શકાયો. દલિતોની જમીનો પર દબાણ, જાહેર સેવાઓમાં ભેદભાવ અને ભ્રષ્ટાચાર, દલિતો અને મહિલાઓ પર અત્યાચાર વગેરે જેવા મુદ્દાઓ વિશે ગામ સ્તરે જાહેરમાં ચર્ચા થઈ. આ મુદ્દાઓ પર હવે 'અભિયાન'ના કાર્યકર્તાઓ વિશેષ ધ્યાન આપશે. યાત્રા દરમ્યાન 'રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના' પ્રત્યે લોકોની વિશેષ રૂચિ દેખાઈ આવી. યોજના હેઠળ મળતી રોજગારી અને વેતન સંબંધી પ્રશ્નો વિશે ઘણી ચર્ચા પણ થઈ. ઉપરાંત, મધ્યાહ્ન ભોજના યોજના અને જાહેર વિતરણ વ્યવસ્થા વિશેની સમસ્યાઓ અંગે પણ જાહેર ચર્ચાને બળ મળ્યું.

## પૂરમાં ફસાયેલા લોકોને માછીમારે બચાવ્યા

કચ્છનું નાનું રણ કચ્છના અખાતથી ઈશાન વિસ્તારમાં લગભગ ૫૧૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલું છે. આ ખારા પાટનો વિસ્તાર છે. સપ્ટેમ્બર ૨૦૦૮માં આ વિસ્તારમાં ભારે પૂર આવ્યું હતું. સમગ્ર વિસ્તાર ૧.૭ મીટર જેટલી ઊંડાઈ ધરાવતો સપાટ વિસ્તાર છે. ભાંભણ, કંકાવટી, ગોધરા અને ઉમાઈ જેવી નદીઓ દક્ષિણમાંથી અને પૂર્વમાંથી સરસ્વતી તથા રૂપેણ અને ઈશાન વિસ્તારમાંથી બનાસ નદી આ નાના રણમાં પ્રવેશે છે. લગભગ ૪૦,૦૦૦ અગરિયા કામદારો કચ્છના રણમાં કામ કરે છે. સમગ્ર રણ વિસ્તારમાં કોઈ એવું બાંધકામ કે ઝાડ પણ નથી કે જેની ઉપર લોકો ચઢી શકે અને પૂર આવે તો બચી શકે. ખારાઘોડા વિસ્તારમાં જ્યારે સપ્ટેમ્બર ૨૦૦૮માં પૂર આવ્યું ત્યારે એ વિસ્તાર ઉપર બહુ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. મોટે ભાગે આ જ વિસ્તારના લખતર પ્રદેશ ઉપર વિશેષ ધ્યાન અપાયું હતું.


ખારાઘોડા ગામમાં રણને કિનારે રહીમભાઈ નામના એક માછીમાર રહે છે. તેમની પાસે બે હોડીઓ છે. આ પૂરમાં આ બંને હોડીઓને નુકસાન પહોંચ્યું હતું. તેમણે અને તેમના ભત્રીજાએ તેમની જુની હોડીનું સમારકામ કર્યું અને પૂરમાં ફસાયેલા લોકોને તેમણે ઉગારી લીધા. સતત બે દિવસ સુધી તેઓ પૂરગ્રસ્ત વિસ્તારમાં ૨૫ કિ.મી. સુધી ગયા અને બાળકો, વૃદ્ધો તથા વિકલાંગો સહિત કુલ ૩૭ જણાને તેમણે બચાવી લીધા.

આપત્તિનું જોખમ ઘટાડવા અંગેના સમુદાયના આ પ્રયાસોને ફરી મજબૂત કરવાનો પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. સરકારની આપત્તિ નિવારણ પ્રક્રિયાઓમાં તેમને મુખ્ય પ્રવાહમાં લાવી શકાય તો એ વધારે સારી બાબત હશે. ભયાનક પૂર છતાં માત્ર એક જ વ્યક્તિની ખૂવારી નોંધાઈ અને તમામ અગરિયાઓને બચાવી લઈ શકાયા. જો કે, તેમની ઘરવખરી પૂરમાં તણાઈ ગઈ હતી. સરકારે માત્ર રૂ. ૧૫૦૦ની રોકડ મદદની જાહેરાત કરી. પરંતુ એ પૂરતી નથી એમ સ્વાભાવિક રીતે જણાઈ આવે છે. જો આગોતરી ચેતવણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોત તો આ નુકસાન ટાળી શકાયું હોત. આપત્તિનાના સામનાની તૈયારી અને આપત્તિના નિવારણ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ તે પૂરતા નથી તેનું એક અગત્યનું કારણ એ છે કે આ વિસ્તારમાં આપત્તિઓ સર્વસામાન્ય બાબત થઈ ગઈ છે. તેથી સરકાર અને માનવતાવાદી સંસ્થાઓની આપત્તિનું જોખમ ઘટાડવા માટેની પ્રક્રિયાઓમાં આવા પ્રયાસોને વિશેષ મહત્ત્વ આપવામાં આવે તો સમુદાય આધારિત અભિગમ વિકસી શકે.

# સંદર્ભ સાહિત્ય

## હિંસામુક્ત સમાજ તરફ

ઘરેલૂ હિંસા વિરુદ્ધ કામ કરી રહેલી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લાંબી લડત અપાયા બાદ ઓક્ટોબર ૨૦૦૫માં મહિલાઓને રક્ષણ આપવા માટે ઘરેલૂ હિંસા ધારો સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદો ઘરેલૂ હિંસાને ગુનો ગણે છે અને તેને તેના પોતાના, પિતાના કે પતિના ઘરમાં સલામતીની ખાતરી આપે છે. આ કાયદાનો અમલ યોગ્ય રીતે થાય તે માટે એક કાર્યશાળાનું આયોજન તા. ૧૭-૧૮, મે, ૨૦૦૭ દરમ્યાન કરવામાં આવ્યું હતું.



આ પુસ્તક આ કાર્યશાળાનો અહેવાલ છે. આ કાર્યશાળામાં ગુજરાતના ૨૫ જિલ્લાઓમાંથી સુરક્ષા અધિકારીઓ અને દહેજ પ્રતિબંધ અધિકારીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત પુસ્તકમાં બંને દિવસ દરમ્યાન નિષ્ણાતોએ આ કાયદા અંગે, તેના અમલ અંગે તથા સમાજમાં પ્રવર્તતી પરિસ્થિતિ અંગે રજૂઆતો કરી હતી અને સાથે સાથે સરકારી અધિકારીઓની શી ભૂમિકા આ કાયદાના અમલમાં હોઈ શકે તેને વિશે પણ રજૂઆતો થઈ છે.

પ્રાપ્તિ સ્થાનઃ જેન્ડર રિસોર્સ સેન્ટર, બ્લોક નં.-૧, પોલિટેકનીક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૬૫૧૨૮૩૯૭. ઈમેલઃ info@grcgujarat.org


## અંડરસ્ટેન્ડિંગ વલ્નરેબિલિટી ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન

દૃશ્ય સાધનોનો આ એક અંગ્રેજી સંપુટ છે. તે ત્રણ ભાગમાં વહેંચાયેલો છેઃ (૧) સંકટ અને આપત્તિઓની સમજ. (૨) આપત્તિના જોખમમાં ઘટાડો અને અસહાયતા. (૩) આપત્તિના નિવારણ માટે પ્રતિકાર ક્ષમતાનું નિર્માણ. મોટે ભાગે અસહાય જૂથો ઉપર જોખમોની અસરો વધારે થતી હોય છે કારણ કે તેઓ તેની અસરો દૂર કરવા માટે અક્ષમ હોય છે. તેનું કારણ એ પણ હોય છે કે જાનમાલના નુકસાનને કારણે જે કંઈ હાનિ પહોંચી હોય છે તે દૂર કરવા માટે વૈકલ્પિક સંસાધનો તેમની પાસે ઓછાં હોય છે. અસહાયતાના ખ્યાલને સમજવો, અસહાય લોકોને ઓળખી કાઢવા, તેમની જરૂરિયાતો તથા તેમના અધિકારો અને હકો ઉપર ધ્યાન આપવું અને અસહાયતા ઘટાડવા માટે સામુદાયિક પ્રતિકાર ક્ષમતાનું નિર્માણ કરવું વગેરે બાબતો જોખમના ઘટાડા માટે મહત્ત્વની છે.

આ દૃશ્ય સાધનોનો ઉપયોગ આપત્તિ જોખમ ઘટાડા સાથે સંબંધિત એવી બાબતોને સમજવા માટે કરી શકાય છે. તે એવી સમજ ઉપર આધારિત છે કે સામુદાયિક સ્તરે તેમનો ઉપયોગ ન થાય તો તમામ માળખાંઓ અને ખ્યાલો અમૂર્ત બની જતા હોય છે. વિકાસલક્ષી કાર્યકરો આ દૃશ્ય સાધનોનો ઉપયોગ કરીને માત્ર આ ખ્યાલોથી પરિચિત થશે એવું નથી પરંતુ તેઓ પોતે સમુદાય સ્તરે આ અંગેની ચર્ચા ઊભી કરી શકશે અને આપત્તિના નિવારણ માટે ટેકારૂપ વ્યવસ્થાનું નિર્માણ કરવા માટેના તેમના પ્રયાસોમાં તેમનું સંકલન પણ કરી શકશે. દરેક સંપુટમાં પાંચથી છ ચિત્રો આપવામાં આવ્યાં છે. આપત્તિનું જોખમ ઘટાડવા અંગેના ખ્યાલોને સમજવા માટે તે ઉપયોગી થાય તેમ છે.

આ દરેક પેનલનું આયોજન એ રીતે કરવામાં આવ્યું છે કે તેમનો ઉપયોગ એકસાથે પણ થઈ શકે અને અલગ અલગ પણ થઈ શકે. તે ઉપરાંત દરેક પેનલ કાયમી ધોરણે પણ પ્રદર્શિત કરી શકાય તે રીતે તૈયાર કરવામાં આવી છે.

તમામ પેનલોની સોફ્ટ ફાઈલ તેની સાથે આપવામાં આવેલી ડીવીડીમાં આપવામાં આવી છે. તેમાં બે ફોલ્ડર છે. એકમાં પીડીએફ ફોરમેટમાં હાઈ રિસોલ્યુશન ફાઈલ છે કે જે તરત જ છાપી શકાય. બીજું ફોલ્ડર માત્ર પેનલમાં ઉપયોગમાં લેવાયેલાં ચિત્રો દર્શાવે છે. તેનો ઉપયોગ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન માટે, તાલીમ કાર્યક્રમ દરમ્યાન કે બેઠકો દરમ્યાન કરી શકાય તેમ છે. તે જેપીઈજી ફોર્મેટમાં સ્ક્રીન



રિસોલ્યુલન ફાઈલ તરીકે આપવામાં આવ્યાં છે.
પ્રાપ્તિસ્થાનઃ ઉન્નતિ.

## ઘરેલૂ હિંસા અધિનિયમ – ૨૦૦૫

આ પુસ્તિકામાં ઘરેલૂ હિંસા અધિનિયમ - ૨૦૦૫ અંગે સરળ ભાષામાં સમજૂતી આપવામાં આવી છે. મહિલાઓ, સરકાર અને બિન-સરકારી સંગઠનોને આ પુસ્તિકા ઉપયોગી થાય તેમ છે. કાયદાનો અમલ વધારે સારી રીતે કરવા માટે પુસ્તિકા ઉપયોગી થશે. તેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છેઃ



ઘરેલૂ હિંસા એટલે શું, ઘરેલૂ હિંસા અંગેના કાયદાની જરૂરિયાત શા માટે ઊભી થઈ, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા, અસરકારક અમલ માટે જરૂરી પગલાં, રાજ્ય સરકારની ભૂમિકા, મેજિસ્ટ્રેટની ભૂમિકા, રક્ષણ અધિકારીની ફરજો, સેવા પૂરી પાડનારની લાયકાત અને કાર્યો, આરોગ્ય સેવા આપનાર અધિકૃત એજન્સીની ફરજો, આશ્રય ગૃહની ફરજો, સલાહકારની લાયકાત અને અનુભવો.


આ પુસ્તિકામાં જુદા જુદા શબ્દોની વ્યાખ્યા પણ આપવામાં આવી છેઃ ભોગ બનનાર વ્યક્તિ, રક્ષણ અધિકારી, સેવા આપનાર, મેજિસ્ટ્રેટ, પ્રતિવાદી, બાળક, સલાહકાર, કાનૂની સેવા સત્તા મંડળ. ગુજરાત સરકારે લીધેલાં પગલાં અંગેની વિગતો પણ આ પુસ્તિકામાં આપવામાં આવી છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓના સરનામાં અને ફોન નંબરની વિગતો પણ પુસ્તિકામાં છેલ્લે આપવામાં આવી છે.

પ્રાપ્તિ સ્થાનઃ જેન્ડર રિસોર્સ સેન્ટર, બ્લોક નં.૧, સરકારી પોલિટેકનિક પ્રાંગણ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫.

### ન્યાય ઝંખના

આ પુસ્તિકામાં સ્ત્રીઓ સામે થતી હિંસાને પડકાર આપતી મહિલા ન્યાય સમિતિઓના સંઘર્ષ અને સફળતાની ગાથા વર્ણવવામાં આવી છે. મહિલા સશક્તિકરણ અને હકો માટેની સજાગતામાંથી ઉદ્‌ભવેલી મહિલા ન્યાય સમિતિ એક બિન-કાયદાકીય મંચ છે. તે સ્ત્રીઓ સામે થતી ઘરેલૂ હિંસાને સક્ષમ રીતે પડકારી એક યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થાના સ્તરે બહાર આવી છે. મહિલા ન્યાય સમિતિઓ મહિલા પંચ અને નારી અદાલત વગેરેના નામથી ઓળખાય છે. આ પુસ્તિકામાં 'સ્વાતિ', 'સાવારાજ', 'શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર', 'ઉત્થાન' અને 'નવજ્યોત મહિલા વિકાસ સંગઠન'ના કાર્યક્ષેત્રમાં કાર્યરત ન્યાય સમિતિઓ વિશેના લેખો સામેલ કરવામાં આવ્યા છે. આ લેખો ઉપરોક્ત સંસ્થાઓના કાર્યકર્તાઓ દ્વારા લખાયેલા છે. 'ચરખા' દ્વારા તેનું સંપાદન કરવામાં આવ્યું છે.

તેમાં નીચે જણાવેલા ૧૧ ઉદાહરણો આપવામાં આવ્યાં છેઃ
(૧) માથાભારે જેઠને સમજાવી વિધવાબહેનને વારસાઈની જમીન





અપાવી. (૨) ન્યાય સમતિએ પત્નીને જમીન પરત અપાવી. (૩) વિધવા બિંદુબહેનના પુનર્લગ્ન કરાવી તેમનું જીવન રાગે પાડ્યું. (૪) શાંતુબહેનના ઘરનો કંકાસ દૂર કર્યો. (૫) સંઘર્ષના સથવારે સત્યની શોધ કરી. (૬) પ્રજ્ઞાચક્ષુ આશાબહેનના ઘર સંસારને થાળે પાડતી ન્યાય સમિતિ. (૭) ચંપાબહેનને અત્યાચાર અને દુઃખથી મુક્તિ અપાવી. (૮) વર્ષાબહેનને નવું જીવન જીવવાની હિંમત અને હોંશ મળ્યાં. (૯) બે પરિવારોને તુટતાં બચાવ્યાં. (૧૦) મંજુલાબહેનને મારપીટથી મુક્તિ અપાવી. (૧૧) સ્ત્રીધન અને હકના રૂપિયા અપાવી વિશાખાબહેનને કંકાસ મુક્ત કરાવ્યાં.

મહિલા ન્યાય સમિતિઓ સ્ત્રીઓ સામે થતી હિંસાને સ્ત્રીલક્ષી દૃષ્ટિકોણથી પડકાર આપતો એક સક્ષમ મંચ કેવી રીતે છે તેની સમજ આપતો લેખ આપવામાં આવ્યો છે અને અન્ય કેટલાક ઉદાહરણો આપવામાં આવ્યા છે. 'સ્વાતિ' સંસ્થાના અનુભવો ઉપર આ લેખ આધારિત છે.

પ્રાપ્તિ સ્થાનઃ સૌરાષ્ટ્ર-કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેન, જીઆઈડીસી એસ્ટેટ, પ્લોટ નં.૬૫-૬૭, સુરેન્દ્રનગર રોડ, દેશળ ભગત છાપરીની પાસે, ધ્રાંગધ્રા - ૩૬૩ ૧૩૦. ફોનઃ ૦૨૭૫૪-૨૮૧૩૩૮.

## ગુજરાતના વિચરતા–વિમુક્ત સમુદાયો

ગુજરાતના વિવિધ વિચરતા અને વિમુક્ત સમુદાયોની ઓળખ આપતો આ ગ્રંથ તેમની વિવિધ સમસ્યાઓ પ્રત્યે પણ ધ્યાન ખેંચે છે. સમગ્ર પુસ્તકમાં આવા ૩૪ સમુદાયો વિશેની વિગતો આપવામાં આવી છે.




તેમાં બજાણિયા, નટ, મારવાડી નટ, વાદી-ગારુડી, મદારી, બહુરૂપી-ભાંડ, ભવૈયા, તુરી, ચારણ-ગઢવી, શિકલીગર-સરાણિયા, ગાડલિયા-લુવારિયા, કાંગસિયા, ઘંટિયા-સલાટઘેરા, ચામઠા, રાવળ, ઓડ, મારવાડા દેવીપૂજક, વાંસફોડા, થોરી, ભોપા, ગરો, બાવા-વૈરાગી-નાથબાવા, જોગી, પારઘી, ડફેર, દેવીપૂજક, ચુંવાળિયા કોળી, પારકરા કોળી, વાઘેર, મિયાણા, સંધિ-ઠેબા-હિંગોરા, છારા, મે અને બાફણ જેવી જાતિઓનો સમાવેશ થાય છે. સતત બે વર્ષના પરિભ્રમણ અને સંવાદના સ્વરૂપે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. તે ગુજરાતના વિચરતા અને વિમુક્ત સમુદાયની ટૂંકી ઓળખ આપે છે.


પુસ્તકમાં છેલ્લે ગુજરાત રાજ્યમાં વિચરતી જાતિઓની યાદી આપવામાં આવી છે. તેમાં ૨૮ સમુદાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં વિમુક્ત જાતિઓની યાદીમાં ૧૨ સમુદાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ૧૨ અતિ પછાત જાતિઓની યાદી પણ આપવામાં આવી છે. વિચરતા સમુદાય પૈકીની ચાર અતિ પછાત જાતિઓની પણ યાદી આપવામાં આવી છે.

પુસ્તકમાં વિચરતા અને વિમુક્ત સમુદાયોના વિકાસ માટે ગુજરાતમાં જે પ્રયાસો કરવામાં આવ્યા તેની વર્ષવાર યાદી આપવામાં આવી છે. ૧૯૪૭થી ૧૯૯૭ દરમ્યાન થયેલા પ્રયાસોનો અહેવાલ તેમાંથી મળી રહે છે. વિચરતા અને વિમુક્ત સમુદાયોની સમગ્ર ઓળખ વિશેની માહિતી અને તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ વિશેની કેટલીક વિગતો આ પુસ્તકમાંથી મળી રહે છે.

લેખકઃ મિત્તલ પટેલ, પ્રાપ્તિ સ્થાનઃ વિચરતા સમુદાય સમર્થન મંચ, જનપથ, બી-૩, સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવા - ૩૮૦૦૫૧. ફોનઃ ૦૭૯-૨૬૮૨૧૫૫૩

## દરિયાકિનારા સંવાદ યાત્રા – અહેવાલ

ગુજરાતના દરિયાકાંઠે વસતા સમુદાયોના જીવન સંઘર્ષને સમજવાની પહેલ રૂપે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. ચાર તબક્કામાં કરવામાં આવેલી આ યાત્રામાં ૧૧ જિલ્લાનાં ૧૫૯ ગામોનો અહેવાલ તેમાં આપવામાં આવ્યો છે. આ યાત્રામાં પ્રાયોજક જૂથ તરીકે ૨૨ બિન-સરકારી સંગઠનોએ ભૂમિકા ભજવી હતી. દરિયાકાંઠે વસનાર માનવ સમાજ - નાવિકો અને ગ્રામજનોએ એક જમાનામાં ગુજરાતને ઘણું બધું આપ્યું છે. આગબોટના આગમન પહેલાં આ નાવિકો જ ગુજરાતના સાહસિકોને પૂર્વ આફ્રિકા, સુમાત્રા, જાવા તથા અન્ય દેશોમાં સહીસલામત પહોંચાડતા હતા, ત્યાંથી વિવિધ પ્રકારનો માલ-સામાન ભારતમાં લાવવાનું કાર્ય કરતા હતા. દરિયાકાંઠે આવેલાં ગામડાંની કૃષિ સમૃદ્ધ હતી અને ગામડામાં સારું એવું પશુધન પણ હતું, કૃષિ અને પશુધન ઉપર ગામડાંના અનેક ગૃ ઉદ્યોગ નિર્ભર હતા. ગ્રામ્યસમાજનાં અગત્યના અંગ એવા ખેતમજૂરોને પણ તેમની રોજી મળી રહેતી હતી, તો માછીમારીમાંથી પણ કેટલાંક સમૂહને રોજી પ્રાપ્ત થતી હતી.




પરંતુ ઔદ્યોગિકરણ, યાંત્રીકરણ અને પ્રકૃતિનાં સંસાધનોના અમર્યાદિત દોહનને કારણે દરિયાકાંઠાના ગામડાં ધીરે ધીરે બેહાલ સ્થિતિમાં આવી હયી છે. અમર્યાદિત પ્રમાણમાં ભૂગર્ભજળનું ખેંચાણ, ખનિજ સંપત્તિના કાયદેસર અને તેનાં કરતાં અનેક ગણા ગેરકાયદેસર ખનનને કારણે દરિયાનાં ખારાં પાણી આજે પોતાનો કિનારો છોડીને અંદરના વિસ્તારમાં ૧૫-૨૦ કિમી સુધી પહોંચી જવાને કારણે એક વખતની લીલીનાઘેર સૂકી બની છે. કૂવાનાં પાણી પાવીલાયક રહ્યાં નથી, કે નથી રહ્યાં સિંચાઈને લાયક.

દરિયાકાંઠાના માનવ સમાજનો એક સમૂહ માછીમારી દ્વારા રોજી મેળવે છે. દરિયો પરંપરાગત રોજી પૂરી પાડે છે. પરંતુ છેલ્લાં કેટલાંક વરસોથી ફીસ કેચ ઘટતાં માછીમારો જળસીમા બહાર - પાકિસ્તાનની જળ સીમામાં માછીમારી કરવા માટે પહોંચી જાય છે. દર વરસે અનેક માછીમારો પાકિસ્તાનના કેદખાનામાં જઈ પડે છે, ત્યાં વરસ, બે-વરસ કે ત્રણ વરસ જેલ ભોગવવી પડે છે. તેમનો છૂટકારો થાય છે ત્યારે, તેમની આજીવિકાનું સાધન-બોટ, પાછી મળતી નતી. આજે તો માછીમારી કરવા માટે દરિયામાં દૂર સુધી જવાનું તેમને માટે જોખમરૂપ બની ગયું છે.

દરિયાકાંઠાના ગામડાંના ગૃહ ઉદ્યોગ ભાંગી ગયા છે, ખેતમજૂરો તો જ્યાં રોજી મળે ત્યાં જાય, પણ ધરતી સાથે જેમને માયા છે, મમતા


છે, તે ખેડૂતો ક્યાં જાય? સમગ્ર ભારતમાં આજે મોટા મોટા ઉદ્યોગો આવે, તેની દરેક સરકારો રાહ જોતી હોય છે, ત્યારે નાનાં નાનાં ગામડામાં વસનારા, ખેતી ઉપર નભનારાં, માછીમારી ઉપર નભનારાં, હાથ-બાવડાની મજૂરી ઉપર નભનારાં, માનવ સમાજની સ્થિતિની જાણકારી મેળવવાનો જનપથના કાર્યકરો અને સાથી સંગઠનોએ પ્રયાસ કર્યો છે. યાત્રા દરમ્યાન જામનગરથી માંડી ઉમરગામ પંથકના દરિયાકાંઠાનાં ગામડાંનો વિસ્તૃત પ્રવાસ કર્યો, લોકો વચ્ચે ઝઈને તેમની સમસ્યા જાણવાનો પ્રયાસ કર્યો. દરિયાકાંઠાનાં ગામોમાં જે જોયું, જે સાંભળ્યું તે ગુજરાતના બહુજન સમાજ સમક્ષ રજૂ કરવાનો આ પ્રયાસ એટલા માટે છે કે સમાજ અને સરકાર તેમની સમસ્યાઓ વિશે વખતસર વિચારે અને જરૂરી પગલાં લે, નહીં તો ઘણું મોડું થશે.

પ્રાપ્તિ સ્થાનઃ વિચરતા સમુદાય સમર્થન મંચ, જનપથ, બી-૩, સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦૦૫૧. ફોનઃ ૦૭૯-૨૬૮૨૧૫૫૩

## બાળ અધિકારો અને કાયદો

આ પુસ્તક ધ જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) - ૨૦૦૦ વિશે છે. તેમાં તેને અંગેની આનુષગિક જોગવાઈઓ પણ આપવામાં આવી છે. ૧૯૮૬માં આ કાયદો ઘડવામાં આવ્યો હતો તે પછી તેમાં ૨૦૦૦માં સુધારો કરવામાં આવ્યો. તેનો અમલ તા. ૧.૪.૨૦૦૨થી કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં આ કાયદાનું સરળ ભાષામાં ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે. તેનું સવિસ્તર વિવેચન પણ કરવામાં આવ્યું છે.

ભારતમાં બાળકો અંગે જે રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી હતી તેના સંદર્ભમાં આ કાયદાને જોવાની જરૂર છે. પુસ્તકના વિવરણમાં અગાઉના કાયદાના આધારે અપાયેલા ચુકાદાની નોંધ પણ રજૂ




કરવામાં આવી છે. તેમાં અમુક શબ્દોના અર્થ બદલાઈ ગયા છે. તે ઉપરાંત વ્યાખ્યાઓ અને સંસ્થાઓનાં નામ પણ બદલાયાં છે. આ બાબતને ધ્યાનમાં લઈને આ કાયદાની સમજ આપવામાં આવી છે. ભારતના બંધારણમાં બાળ ન્યાય બાબતે જુદી જુદી જોગવાઈઓ કરવામાં આવી છે અને એ જોગવાઈના ભાગરૂપે આ કાયદો કરવામાં આવ્યો છે.

સમગ્ર પુસ્તકમાં સંખ્યાબંધ કેસોની વિગતો આપવામાં આવી છે અને કાયદાની વિવિધ જોગવાઈઓનું અર્થઘટન એ કેસોમાં આવેલા ચુકાદાઓના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. લગભગ ૮૦ જેટલા આ ચુકાદા સમગ્ર પુસ્તકને રસપ્રદ બનાવે છે.

બાળ કલ્યાણ સમિતિ, બાળ કામદારનું શોષણ, પુનર્વસન, સામાજિક પુનઃ જોડાણ, કેન્દ્ર, રાજ્ય, જિલ્લા અને શહેર કક્ષાએ સલાહકાર મંડળો વગેરેની વિગતો આ પુસ્તકમાંથી સરળ ભાષામાં પ્રાપ્ત થાય છે. પુસ્તકમાં અંતે ૮ પરિશિષ્ટો આપવામાં આવ્યાં છેઃ (૧) બાળકના અધિકાર અંગેની સમજૂતી (૨) દત્તક વિધાન (૩) રાષ્ટ્રીય કાર્યલક્ષી યોજના ૧૯૯૨ (૪) બાળ મજૂરીનો વિરોધ કરતો સીમાચિહ્નરૂપ ચુકાદો (૫) વેઠપ્રથા (૬) પોલિસ કર્મચારીઓને બાળ અપરાધીના સંદર્ભે આપવાની તાલીમનું માળખું (૭) બાળકોને લગતી જોગવાઈઓ દર્શાવતા અન્ય કાયદાઓ (૮) ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા સંચાલિત અવેક્ષણ ગૃહોની યાદી.

૧૮૫૦માં એપ્રેન્ટિસ એક્ટ ઘડવામાં આવ્યો હતો. તેમાં ૧૦થી ૧૮ વર્ષના વયના બાળકને વ્યાવસાયિક તાલીમ આપવાની અને તેના પુનર્વસન માટેની જોગવાઈ કરવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધી બાળકોના રક્ષણ અને ન્યાય માટે જે જોગવાઈઓ કરવામાં આવી તેને વિશેની આછી રૂપરેખા પણ આ પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. તે બાળકોના રક્ષણ માટેની કાનૂની જોગવાઈઓમાં કેવા પ્રકારનો વિકાસ થયો તેને વિશેની ગાથા દર્શાવે છે.

જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૦૦ કાયદાના સંઘર્ષમાં આવતા કિશોરો અંગે કરવામાં આવતી કાળજી, રક્ષણ અને સારવારની જોગવાઈ કરે છે. એ રીતે જોઈએ તો ભારતના બંધારણમાં કલમ-૧૫, કલમ-૩૯, કલમ-૪૫ અને કલમ-૪૭માં બાળકોની જરૂરિયાતો પૂરી કરવા અંગે જે ખાતરીઓ આપવામાં આવી હતી અને બાળકોના મૂળભૂત માનવ અધિકારોનું રક્ષણ કરવા માટે જે જોગવાઈ કરવામાં આવી હતી તેનું પાલન આ કાયદા દ્વારા કરવાની નેમ રાખવામાં આવી છે. આ પુસ્તક બાળ અધિકારોના જતન, રક્ષણ અને અમલ ક્ષેત્રે કાર્યરત કાર્યકરો અને બિન-સરકારી સંગઠનોને માટે પથદર્શક પૂરવાર થાય તેમ છે. આ કાયદો જુના કાયદા કરતા ઘણું વિશાળ કાર્યક્ષેત્ર ધરાવે છે અને તે અપરાધી કિશોર ઉપરાંત ઉપેક્ષિત કિશોર માટે પણ જોગવાઈ કરે છે.

લેખકઃ ડો. કૌશિક સી. રાવલ, પ્રકાશકઃ જનપથ : જનપથ, બી-૩, સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવા - ૩૮૦૦૫૧. ફોનઃ ૦૭૯-૨૬૮૨૧૫૫૩

उन्नति

# વિચાર

## આપનો અભિપ્રાય

*'**વિચાર**'ને ૧૨ વર્ષ પૂરાં થયાં છે. અમે આ સામયિક વિશે આપનો અભિપ્રાય જાણવા માટે એક પ્રશ્નાવલી બે અંક અગાઉ આપને મોકલી હતી. આપ સૌએ તેનો જે પ્રતિભાવ આપ્યો છે તે અમારા ઉત્સાહને વધારનારો છે. અહીં અમે આપનો અભિપ્રાય રજૂ કરીએ છીએ. લગભગ ૧૮૦૦ વાચકોમાંથી કુલ ૧૫૪ પ્રતિભાવો પ્રાપ્ત થયા હતા. તેમાંથી ૪૭ પ્રતિભાવો હિન્દી '**વિચાર**'ના વાચકો તરફથી પ્રાપ્ત થયા હતા જ્યારે બાકીના પ્રતિભાવો ગુજરાતી '**વિચાર**'ના વાચકો તરફથી પ્રાપ્ત થયા હતા. બધા વાચકોએ બધા પ્રશ્નોના જવાબ આપ્યા છે એવું નથી. એ જ રીતે, બધા જ વાચકોએ પ્રશ્નોના જવાબરૂપે આપવામાં આવેલા વિકલ્પોમાંથી એક જ વિકલ્પ પસંદ કર્યો છે એવું પણ નથી. તેમણે એક કરતાં વધારે વિકલ્પો પણ પસંદ કર્યા છે. આ દૃષ્ટિએ જે વિશ્લેષણ થઈ શક્યું છે તે નીચે મુજબ છે:*

(૧) પ્રતિભાવ માટે જે ૧૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેમાંનો સૌ પ્રથમ પ્રશ્ન હતો: આપ 'વિચાર'ના કેટલા સમયથી નિયમિત વાચક છો? આ પ્રશ્નના જવાબમાં ૩૫ વાચકોએ કહ્યું હતું કે તેઓ આરંભથી જ 'વિચાર'ના વાચક રહ્યા છે. બીજા ૫૦ વાચકો પાંચ વર્ષથી વાચક રહ્યા છે અને ૪૨ વાચકો ૧૦ વર્ષથી વાચક રહ્યા છે. ૨૭ વાચકોનો સમયગાળો તેનાથી અલગ રહ્યો છે.

(૨) 'વિચાર'માં વિકાસલક્ષી મુદ્દાઓ એ શીર્ષક હેઠળ મુખ્યત્વે વિચારપ્રેરક મુદ્દાઓ વિશે લેખન પીરસવામાં આવે છે. આ સંદર્ભમાં વાચકોને એવો સવાલ પૂછવામાં આવ્યો હતો કે વિકાસલક્ષી મુદ્દાઓ વિશે આવતા લેખો આપને કેવા લાગ્યા છે? આ પ્રશ્નના જવાબમાં વાચકોએ ખૂબ જ વિધાયક પ્રતિભાવ આપ્યો છે. ૨૯ વાચકોને આ લેખો રસપ્રદ લાગ્યા છે, ૬૭ વાચકોને માહિતીપ્રદ લાગ્યા છે, ૪૪ વાચકોને આ લેખો તાલીમ માટે ઉપયોગી લાગ્યા છે, ૬૧ વાચકોને તે ચિંતનપ્રેરક લાગ્યા છે.

(૩) વિકાસલક્ષી મુદ્દાઓ વિશેના લેખોમાં સાંપ્રત વિષયોને આવરી લેવાય છે ખરા? એવો ત્રીજો પ્રશ્ન વાચકોને પૂછવામાં આવ્યો હતો. તેના જવાબમાં ૧૨૩ વ્યક્તિઓએ હકારમાં જવાબ આપ્યો હતો. માત્ર બે વાચકોને વિકાસલક્ષી મુદ્દાઓ વિશેના લેખોમાં સાંપ્રત વિષયોને આવરી લેવામાં આવતા નથી એવું લાગ્યું હતું. બીજા ૨૫ વાચકોને એમ જણાયું હતું કે ક્યારેક જ વિકાસલક્ષી મુદ્દાઓ વિશેના લેખોમાં સાંપ્રત વિષયોને આવરી લેવાય છે.

(૪) 'આપના માટે' વિભાગમાં આવતા લેખો આપને કેવી રીતે ઉપયોગી થાય છે? આ પ્રશ્નના જવાબમાં પણ જે પ્રતિભાવો પ્રાપ્ત થયા છે તે ઉત્સાહજનક છે. ૭૨ વાચકોએ એમ જણાવ્યું છે કે આ વિભાગમાં આવતા લેખોથી નીતિવિષયક જાણકારી પ્રાપ્ત થાય છે. જ્યારે ૩૭ વાચકોએ એમ જણાવ્યું છે કે તેમને આંકડાકીય માહિતી પ્રાપ્ત થાય છે. હિમાયત માટે આ માહિતી ઉપયોગી થતી હોવાનું ૨૨ વાચકોએ જણાવ્યું હતું. ઉપરાંત, ૮૭ વાચકોએ એમ કહ્યું હતું કે આ વિભાગના લેખોમાંથી નવી જાણકારી પ્રાપ્ત થાય છે.

(૫) 'આપણી વાત'માં આવતા લેખો શું બિન-સરકારી સંગઠનોનાં કાર્યોને યોગ્ય રીતે રજૂ કરે છે? આ પ્રશ્નના જવાબમાં ૧૨૫ વાચકોએ એમ કહ્યું હતું કે આ વિભાગમાં આવતા લેખો બિન-સરકારી સંગઠનોનાં કાર્યોને યોગ્ય રીતે રજૂ કરે છે. માત્ર બે વાચકોએ જ તે યોગ્ય

રીતે રજૂ કરવામાં આવતાં નથી એમ જણાવ્યું હતું. જ્યારે ૨૨ વાચકોએ એમ કહ્યું હતું કે આ વિભાગમાં ક્યારેક જ બિન-સરકારી સંગઠનોનાં કાર્યોને યોગ્ય રીતે રજૂ કરવામાં આવે છે.

(૬) 'વિચાર'માં 'મંતવ્ય' વિભાગમાં વિવિધ વર્તમાન બાબતો અંગે નિષ્ણાતો કે કર્મશીલોનાં મંતવ્યો રજૂ કરવામાં આવે છે. તેના સંદર્ભમાં પણ વાચકોનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. પાંચ વાચકોએ એમ જણાવ્યું હતું કે આ મંતવ્યો પૂર્વગ્રહથી પ્રેરિત હોય છે. બીજી તરફ, ૭૯ વાચકોએ આ મંતવ્યોને સંતુલિત ગણાવ્યાં હતાં અને ૭૦ વાચકોએ તેમને પ્રેરક ગણાવ્યાં હતાં. કોઈ પણ વાચકે આ મંતવ્યોને અનિચ્છનીય ગણાવ્યાં નહોતાં.

(૭) સાંપ્રત પ્રવાહો એક વિભાગમાં આવરી લેવામાં આવે છે. તેમાં મુખ્યત્વે સ્વૈચ્છિક ક્ષેત્રમાં બનેલી ઘટનાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. આ સંદર્ભમાં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે 'સાંપ્રત પ્રવાહ'માં વિવિધ પ્રવૃત્તિઓ વિશેની વિગતો આપને કેવી લાગી છે? આ પ્રશ્નના ઉત્તરમાં ૧૨ વાચકોએ એમ કહ્યું હતું કે વિવિધ પ્રવૃત્તિઓ વિશેની વિગતો અપૂરતી હોય છે. ૫૨ વાચકોને તે જો કે, પૂરતી જણાઈ હતી. ૯૧ વાચકોને તે વૈવિધ્યપૂર્ણ લાગી છે. જ્યારે માત્ર એક જ વાચકને તે કંટાળાજનક લાગી છે.

(૮) આ સામયિકમાં એક વિભાગમાં વિવિધ વાચનસામગ્રી કે અન્ય સામગ્રીની સમીક્ષા કરવામાં આવે છે અને તેમને વિશે માહિતી આપવામાં આવે છે. આ સંદર્ભમાં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે 'સંદર્ભ સાહિત્ય' વિભાગમાં આપવામાં આવતી વિવિધ સાહિત્ય અંગેની માહિતી આપને ઉપયોગી થાય છે? આ પ્રશ્નનો ઉત્તર ૧૦૬ વાચકોએ હકારમાં આપ્યો હતો. માત્ર એક વાચકે તેમાં નકારમાં જવાબ આપ્યો હતો અને ૩૫ વાચકોએ એમ કહ્યું હતું કે તેમને તે માહિતી ક્યારેક જ ઉપયોગી થાય છે.

(૯) સમગ્ર સામયિકના સંદર્ભમાં એવો સવાલ પૂછવામાં આવ્યો હતો કે કયા વિષયો વિશે 'વિચાર'માં અપૂરતી ચર્ચા થઈ હોવાનું અથવા ચર્ચા ન થઈ હોવાનું આપને લાગે છે? આ પ્રશ્નના ઉત્તરમાં ૧૨ જણાએ એમ કહ્યું હતું કે સામયિકમાં તમામ વિષયોને આવરી લેવામાં આવે છે. તેમણે ઘણાબધા વિષયો આવરી લેવા વિશે પણ સૂચનો કર્યાં હતાં. સૌથી વધારે ૨૩ વાચકોએ એવું સૂચન કર્યું હતું કે સ્વૈચ્છિક સંસ્થાઓનાં કાર્યોને વધારે પ્રાધાન્ય આપવું જોઈએ.

૧૦ વાચકોએ એમ કહ્યું હતું કે મહિલાઓના વિકાસ, તેમનું આરોગ્ય અને તેમના અધિકારોને પ્રાધાન્ય આપવું જોઈએ. બીજા એટલા જ વાચકોએ એમ જણાવ્યું હતું કે શિક્ષણનું સ્વરૂપ, શિક્ષણનો અધિકાર અને શિક્ષણમાં સુધારણા જેવા વિષયોને આવરી લેવા જોઈએ. ૮ વાચકોએ એમ કહ્યું હતું કે બાળકોનો વિકાસ, બાળ મજૂરીની સમસ્યા અને બાળ અધિકારો વિશે વધારે રજૂઆત થવી જોઈએ. એટલા જ વાચકોએ દલિતોની સમસ્યાઓ અને અધિકારો, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંચાલન, ગ્રામ વિકાસ અને રાષ્ટ્ર વિકાસ, ખેતી અને ખેતપ્રક્રિયાના એકમો, જીવન નિર્વાહ વગેરે જેવા વિષયો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું સૂચન કર્યું હતું.

રાષ્ટ્રીય ગ્રામીણ બાંયધરી યોજના વિશે વધારે માહિતી આપવી જોઈએ એમ પણ તેટલા જ વાચકોએ જણાવ્યું હતું. સરકારી નીતિઓ, કાયદાઓ અને નિયમો વિશેની સરળ ભાષામાં સમજૂતી આપવાની પહેલ વિચાર દ્વારા થવી જોઈએ એવું સૂચન પણ ઘણા વાચકોએ કર્યું હતું. વૈકલ્પિક વિકાસ, સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો, માનવ અધિકારો, દલિતોના અધિકારો અને તેમની સમસ્યાઓ ભ્રષ્ટાચારની સમસ્યા અને વૈશ્વિકીકરણ તથા ખાનગીકરણ જેવા મુદ્દાઓને આવરી લેવા માટેનાં સૂચનો પણ કરવામાં આવ્યાં છે. કેટલાક વાચકોએ સરકારની વર્તમાન યોજનાઓ વિશે માહિતી આપવામાં આવે અને સરકારની સારી બાબતો પણ રજૂ કરવામાં આવે એવી માગણી કરી હતી. આ ઉપરાંત રાષ્ટ્રીય એકતા, કોમવાદ, રાજ્યની ભૂમિકા, વિધેયાત્મક રાજનીતિ અને સમાજનીતિ, સાંપ્રત રાજકીય પ્રવાહો, વસ્તીની સમસ્યા, લઘુમતી સમુદાયોની સમસ્યાઓ, લોકશાહી, નાગરિક સમાજ અને ન્યાયતંત્રની સક્રિયતા જેવા મુદ્દાઓ વિશે પણ આ સામયિકમાં રજૂઆત થવી જોઈએ એવી માગણી કરી છે.

માધ્યમોની લોકમાનસ ઉપર અસર અને માહિતી ટેક્નોલોજી તથા વિકાસલક્ષી પત્રકારત્વ જેવા મુદ્દાઓ વિશે પણ વિગત વાર ચર્ચા કરવાની જરૂરિયાત છે. એમ વાચકોએ જણાવ્યું હતું. આ ઉપરાંત જે બીજા કેટલાક મુદ્દાઓ વિશે વાચકોએ ચર્ચાની માંગણી કરી છે

તે આ મુજબ છેઃ સ્વસહાય જૂથો, સંશોધનાત્મક અભ્યાસો, વરિષ્ઠ નાગરિકોનું કલ્યાણ, આપત્તિ સંચાલન, વ્યાવસાયિક આરોગ્ય, ગ્લોબલ વોર્મિંગ, ઔદ્યોગિકીકરણ, ગાંધીજીના વિચારો, કામદારોનું જીવન, નોકરશાહી, આર્થિક અસમાનતા, સામાજિક વિકાસ, સામાજિક લિંગ ભેદભાવ, એઈડ્સ, વિકલાંગતા, સાહસિકતા વિકાસ, પર્યાવરણ શિક્ષણ, વરસાદી જળનો સંગ્રહ, દાતા સંસ્થાઓ, કેગ વગેરે.

(૧૦) લગભગ ૧૦ વાચકોએ સામયિકને માસિક બનાવવાની ભલામણ કરી છે. વાચકોએ 'વિચાર' વિશે જે એકંદર અભિપ્રાય આપ્યો છે તે નીચે મુજબ છેઃ
(૧) સંસ્થાના કાર્યકરોને પ્રેરણા આપે છે અને જાણકારી આપે છે.
(૨) સંસ્થાના કાર્યકરોના પ્રશિક્ષણ માટે કામ લાગે છે.
(૩) 'વિચાર' શિક્ષણ આપનાર અને વર્તમાન પ્રશ્નો માટે માહિતીપ્રદ છે.
(૪) કિસાનોનો મોટો વર્ગ છે અને તેની સાથે પણ 'વિચાર'ને જોડવું જોઈએ.
(૫) અન્ય ક્ષેત્રોની માહિતી મળે છે અને અધ્યયન કરી શકાય છે.
(૬) વિચાર-વિમર્શ અને આદાન-પ્રદાન માટે ઉપયોગી થાય છે.
(૭) 'વિચાર' ગાગરમાં સાગર છે.
(૮) સામાજિક વિકાસ માટે કામ કરનારાઓ માટે ઉપયોગી છે.
(૯) મુદ્રણ, ચિત્રાંકન અને સંપાદન સરસ અને આકર્ષક છે.
(૧૦) 'વિચાર' એક માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે.
(૧૧) 'વિચાર' સમસ્યાઓના નિવારણમાં સહાયક બને છે.
(૧૨) 'વિચાર' ખૂબ જ ઉપયોગી અને સંગ્રહ કરવા યોગ્ય પ્રકાશન છે. તેમાં પ્રકાશિત સામગ્રીનો ઉપયોગ અમારા કાર્યમાં થાય છે.
(૧૩) ભાષાને સરળ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
(૧૪) 'વિચાર'ને માસિક કે પાક્ષિક સ્વરૂપે પ્રકાશિત કરવું જોઈએ.
(૧૫) 'વિચાર' એક સ્વચ્છ અને પ્રશંસનીય પ્રયાસ છે.
(૧૬) 'વિચાર'માંથી સારી જાણકારી મળે છે અને તે વિદ્યાર્થીઓ માટે પણ ઉપયોગી છે.
(૧૭) 'વિકાસલક્ષી મુદ્દાઓ' અંતર્ગત આવતા લેખો સંશોધનપૂર્ણ અને સુંદર છણાવટ કરનારા હોય છે.
(૧૮) 'સાંપ્રત પ્રવાહ'માં અપૂરતી વિગતો હોય છે. તેમાં વધારે વિગતો સાથે માહિતી હોવી જોઈએ.

**પૃષ્ઠ ૮નું શેષ**

સંઘર્ષ અને વિકાસપ્રેરિત વિસ્થાપન દેશની અંદર અને દેશની બહાર થાય છે એ દક્ષિણ એશિયાની વાસ્તવિકતા છે. તેના પ્રત્યે ગંભીરપણે ધ્યાન આપવાની જરૂર છે. નાગરિક સમાજ, સરકારો અને નફો કરતાં સંગઠનોએ એ બાબત પ્રત્યે પ્રતિભાવ આપવાની આવશ્યકતા છે. દક્ષિણ એશિયાના દેશોમાં માનવ અધિકારોનો ભંગ, નાગરિક અને રાજકીય અધિકારોનો ભંગ અને ખાસ કરીને વિસ્થાપિતો અને નિર્વાસિતોના અધિકારોનો ભંગ થતો અટકવો જોઈએ અને તે માટે નક્કર નીતિઓ ઘડવાની અને સ્થાનિક સ્તરે પરિવર્તન લાવવાની જરૂર છે.

'સાર્ક'ના લોકો માટે સંપૂર્ણ નાગરિકત્વ અને સંપૂર્ણ અધિકારો અને જવાબદારીઓ સાથેનું જીવન એ જ એક માર્ગ છે, એને માટે જ પ્રયાસ કરવો જોઈએ. સંઘર્ષમુક્ત ભારત અને દક્ષિણ એશિયા એ કદાચ દૂરનું સપનું છે પણ હિંસાવિહીન ભારત અને દક્ષિણ એશિયા શક્ય છે. એ શક્ય છે કારણ કે જેઓ માનવ કલ્યાણ અને મનુષ્યની સદ્વૃત્તિમાં માને છે તેઓ નૂતન દક્ષિણ એશિયા વિશે કાર્ય કરતાં અટકશે નહિ.

આપણે અહિંસા અને ન્યાય પર આધારિત શાંતિ, વિવિધ સમુદાયો અને સંસ્કૃતિઓ પ્રત્યે આદર અને શીખવાની તથા આદાન-પ્રદાનની ભાવના દ્વારા સહિયારા પ્રયાસો કરીને નૂતન દક્ષિણ એશિયા આપણે સિદ્ધ કરી શકીશું. માલદીવ, નેપાળ, ભુતાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ભારત તો હશે જ પણ તેમાં હિંસા નહિ હોય, વર્ચસ્વ અને દમનનું નામોનિશાન પણ તેમાં હોય, એ બધા સીમાવિહીન હશે કારણ કે લોકો, જ્ઞાન, ટેક્નોલોજી, વસ્તુઓ વગેરે સૌના લાભ માટે, સૌનાં વિકાસ અને સુખાકારી માટે મુક્ત રીતે પ્રવાહિત હશે.

છેલ્લા ચાર માસ (ઓગસ્ટથી નવેમ્બર ૨૦૦૮)ના ગાળા દરમ્યાન અમે નીચે મુજબ પ્રવૃત્તિઓ કરી હતીઃ

## ૧. નાગરિક નેતૃત્વ અને શાસન

### (ક) સામાજિક અન્વેષણ અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના

ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના (એનઆરઈજીએસ)ના અમલમાં પંચાયતોની અસરકારકતા બતાવવા માટે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની ૫ પંચાયતોમાં ક્ષમતાવર્ધન અને જાગૃતિ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ ૨૦૦૬થી હાથ ધરવામાં આવી રહી છે. ૨૦૦૭માં સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ અનુભવને આધારે રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ સમક્ષ હિમાયત કરવામાં આવી હતી. 'ઉન્નતિ'ને એનઆરઈજીએસમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વનાં પાસાં અંગે ૧૦૦ તાલુકા વિકાસ અધિકારીઓની અભિમુખતા કેળવવા માટે એસઆઈઆરડીને ટેકો આપવા માટે કહેવામાં આવ્યું હતું. ચાર તબક્કામાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. ૧૪-૧૫, ૧૭-૧૮, ૨૧-૨૨ ઓક્ટોબર અને ૧૯-૨૦ નવેમ્બર ૨૦૦૮.

રાજસ્થાનમાં સામાજિક અન્વેષણ મંચની રચના પંચાયત સ્તરે કરવામાં આવી હતી. તેમણે જ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૦૮ દરમ્યાન સામાજિક અન્વેષણ હાથ ધર્યું હતું. લુણી તાલુકાના સામાજિક અન્વેષણ મંચની અભિમુખતા માટે પંચાયત સમિતિને ટેકો પૂરો પડાયો હતો. તેમાં ૨૭ જણાએ ભાગ લીધો હતો. જ્યારે જરૂર પડી ત્યારે મંચના સભ્યોને માહિતીને ટેકો પૂરો પડાયો હતો. લુણી તાલુકાની ૫ પંચાયતોની ગ્રામ સભાઓમાં 'ઉન્નતિ'ના કાર્યકરોએ ભાગ લીધો હતો. દરેક ગ્રામ પંચાયતને નાગરિક નેતાઓના સંસાધન જૂથ દ્વારા પ્રોત્સાહન અપાયું હતું અને ધોરણોનું પાલન થાય તે માટે પ્રયાસો કરાયા હતા.

### (ખ) નાગરિક નેતાઓનું ક્ષમતાવર્ધન

છેલ્લાં ૫ વર્ષથી શાસનને પારદર્શી અને જવાબદાર બનાવવા માટે નાગરિકોની સક્રિય સહભાગિતા વધારવા માટે વ્યૂહાત્મક સામેલગીરી કરવામાં આવે છે. કેટલાક નાગરિક નેતાઓની ક્ષમતાને ઓળખવામાં આવી. ગુજરાતમાં અમદાવાદ જિલ્લાની ૩૦ સાબરકાંઠા જિલ્લાની ૫૦ ગ્રામ પંચાયતોમાં એ કામ કરાયું. તેથી તેમનું સામાજિક અને રાજકીય ક્ષમતાવર્ધન થયું. સાબરકાંઠાના ૧૩ પુરુષ અને ૫ મહિલા તથા વિજયનગરના ૨૪ પુરુષ અને ૭ મહિલા નાગરિક નેતોઓએ ૨ સપ્ટેમ્બર અને ૭ નવેમ્બર ૨૦૦૮ના રોજ યોજાયેલા અભિમુખતા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તે અનુક્રમે એનઆરઈજીએસ હેઠળ આયોજન અને સામાજિક અન્વેષણ વિશે યોજાયા હતા. તેમણે એ અંગે કાર્યલક્ષી યોજનાઓ બનાવી. ખેડબ્રહ્મા, મોડાસા, વિજયનગર, ઈડર, દસ્ક્રોઈ અને ધોળકા તાલુકાના ૩૪ નાગરિક નેતાઓએ ૧૬-૧૭ જુલાઈ ૨૦૦૮ દરમ્યાન યોજાયેલા આંતરવૈયક્તિક પ્રત્યાયન કૌશલ્ય અંગેના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેઓ તેમનાં ગામોની ઘટનાઓ કે સારી બાબતોનું દસ્તાવેજીકરણ સારી રીતે કરી શકે અને માધ્યમો સમક્ષ આવી શકે તથા સંબંધિત સ્તરે પોતાનો અવાજ રજૂ કરી શકે તે માટે તેમને સક્ષમ બનાવવાનો તેનો ઉદ્દેશ હતો. અમદાવાદમાં દસ્ક્રોઈ તાલુકામાં માહિતી અધિકાર શિબિરો દરમ્યાન ૬૫ જણાએ ભાગ લીધો અને ૨૦ અરજીઓ કરવામાં આવી. આ શિબિરો નિર્ધારિત સ્થળોએ યોજવામાં આવી હતી કે જેથી નાગરિકો ઉત્તરદાયિત્વ પ્રસ્થાપિત કરવા માટે માહિતીના અધિકારનો ઉપયોગ કરવા સક્ષમ બને. એ જ રીતે રાજસ્થાનમાં ઓગસ્ટ ૨૦૦૮ સુધીમાં જોધપુર જિલ્લાના લુણી તાલુકામાં ૧૦ ગ્રામ પંચાયતોને સક્ષમ બનાવવામાં આવી રહી છે અને તેમાં નાગરિક જૂથોનું સશક્તિકરણ કરાઈ રહ્યું છે કે જેથી તેઓ ગ્રામ પંચાયત અને ગ્રામ સભા વચ્ચે કડી બને. તાલુકા સ્તરે આ જૂથોનું મંડળ બનાવાયું છે.

### (ગ) પંચાયત સંદર્ભ કેન્દ્રો અને શહેરી સંદર્ભ કેન્દ્રો

હાલ ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં દસ્ક્રોઈ અને ધોળકા તથા સાબરકાંઠામાં ખેડબ્રહ્મા તાલુકામાં ૩ અને રાજસ્થાનમાં જોધપુર જિલ્લામાં લુણી તાલુકામાં એક પંચાયત સંદર્ભ કેન્દ્રો કામ કરે છે. આ કેન્દ્રો દ્વારા ૨૦ એવી પંચાયતોને માહિતીનો ટેકો પૂરો પાડવામાં આવે છે કે જેમાં દલિતો અને મહિલાઓ સરપંચ છે, અને તેઓ તેમની રોજિંદી કામગીરી કરી શકે. લુણી તાલુકામાં છ પંચાયતોને એનઆરઈજીએસ હેઠળ આયોજન અને સામાજિક અન્વેષણ માટે તથા મતદાર ઓળખપત્ર માટે ટેકો પૂરો પડાયો.

જોધપુર નગરમાં ૪ વોર્ડમાં ૧૦ ઝૂંપડપટ્ટીમાં શહેરી સંદર્ભ કેન્દ્ર દ્વારા ૫ નાગરિક જૂથોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેમના

પ્રયાસોને લીધે ૮ ઝૂંપડપટ્ટીમાં દીવાબત્તીનું સમારકામ થયું, બે ઝૂંપડપટ્ટીમાં પાણી અને રસ્તાની સમસ્યાઓ હળવી થઈ, એક ઝૂંપડપટ્ટીમાં ૫ બાળકોને આંગણવાડીમાં મોકલવામાં આવ્યા અને એક ઝૂંપડપટ્ટીમાં ૨૫ મહિલાઓનું એક એવાં બે સ્વસહાય જૂથો બનાવવામાં આવ્યાં. સરકારી યોજનાઓ અંગે અને મતદાર યાદીઓમાં નામ દાખલ કરાવવા અંગે લોકોને માહિતીને ટેકો પૂરો પડાયો. ૧૨ જણાને સામાજિક સલામતીની વિવિધ યોજનાઓનો લાભ મળે તે માટે મદદ કરવામાં આવી. માહિતી મેળવવા માટે ૧૪ મહિલાઓ સહિત ૪૪ જણાએ આ સંદર્ભ કેન્દ્રની મુલાકાત લીધી હતી.

### (ઘ) ચૂંટાયેલા પ્રતિનિધિઓનું ક્ષમતાનિર્માણ

યુએનડીપીના ટેકાથી ઈંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા જયપુરના આઈજીપીઆરએસ અને 'ઉન્નતિ'ને રાજસ્થાનમાં પંચાયતોને સક્ષમ બનાવવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમાં માહિતીનો પ્રચાર-પ્રસાર, તમામ પ્રતિનિધિઓની તાલીમ અને હાર્ડવેર મેપિંગનો સમાવેશ થતો હતો. તેના ભાગરૂપે સામાજિક અન્વેષણ વિશે 'સ્વરાજ અપડેટ' ત્રિમાસિકનો વિશેષાંક પ્રકાશિત કરવામાં આવ્યો અને ૯૧૮૯ ગ્રામ પંચાયતો, ૨૩૭ તાલુકા પંચાયતો અને ૩૨ જિલ્લા પંચાયતોમાં તેનું વિતરણ કરાયું. ઓક્ટોબર-નવેમ્બર ૨૦૦૮ દરમ્યાન ગ્રામ સેવક અને સરપંચોના અભિમુખતા કાર્યક્રમો લુણી, મંદૌર, જેસલમેર અને ચૌહતન તાલુકાઓ માટે યોજાયા. પંચાયતોના હાર્ડવેર મેપિંગ અંગેની માહિતી જોધપુર, બાડમેર, જેસલમેર અને પાલી જિલ્લાના ૫ તાલુકામાં એકત્ર કરાઈ. ગુજરાતમાં સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લાના ૪ તાલુકામાં ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓનાં મંડળોને પ્રોત્સાહન અપાયું હતું. તેમણે પછી વિવિધ હિતધારકો સાથે તેમની સમસ્યાઓ અંગે સંપર્ક સાધ્યો અને અનુભવોની આપલે માટે તે મંચ બન્યાં હતાં. જુલાઈ ૨૦૦૮માં આ પ્રક્રિયા ૩ તાલુકામાં ફરી સજીવન કરાઈ. મહિલા નેતાઓની જરૂરિયાતોને ઓળખી કઢાઈ અને તેમના ક્ષમતાવર્ધન માટે અભિમુખતા કાર્યક્રમો યોજાયા. દર મહિને આ મંડળોની કારોબારી સમિતિ મળે છે. ૨૫ મહિલા પ્રતિનિધિઓ અને મહિલા નેતાઓએ ૧૪-૧૧-૨૦૦૮ના રોજ સામાજિક લિંગ ભેદભાવ અંગેની એક કાર્યશાળામાં ભાગ લીધો હતો.

### (ચ) જરૂરિયાત–આધારિત યોજના

છેલ્લાં ૫ વર્ષથી પંચાયતોની સામેલગીરી સાથે જરૂરિયાત આધારિત સહભાગી યોજનાઓ તૈયાર કરવામાં આવતી હતી. એ અનુભવોને આધારે લોકો અને પંચાયતો ઉપયોગમાં લઈ શકે તેવાં સરળ અને સામાન્ય માળખાં તૈયાર કરવામાં આવ્યાં હતાં. આ વર્ષે સાબરકાંઠામાં દંત્રાલ, અંબરેલી અને દેવડી એમ ત્રણ પંચાયતોમાં આવી યોજનાઓ તૈયાર કરાઈ.

### (છ) હિમાયત

ફેબ્રુઆરી ૨૦૦૮માં 'ઉન્નતિ'એ જીયુડીસી સાથેના સહયોગમાં શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઘન કચરા સંચાલન માટે તાલીમ કરી. પછી કડી, ઊંઝા, સિદ્ધપુર અને ડભોઈ પાલિકાઓની ઘન કચરા સંચાલન વ્યવસ્થાઓનું વિશ્લેષણ કરવા માટે મુલાકાત લેવામાં આવી. પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજાઈ અને ઝૂંપડપટ્ટીઓની એ અંગેની સમસ્યાઓને ઓળખી કઢાઈ. 'ઉન્નતિ' જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં સિટી ટેકનિકલ એડવાઈઝરી ગ્રૂપ અને સિટી ટેકનિકલ એડવાઈઝરી ગ્રૂપ અને સિટી ટેકનિકલ વોલન્ટિયર્સ કોર્પ્સ માટે એન્કર સંસ્થા છે. સ્ટેટ ટેકનિકલ એડવાઈઝરી ગ્રૂપ સાથેના અને રાજકોટ મહાનગરપાલિકા સાથેના સહયોગમાં ૨૧-૧૦-૨૦૦૮ના રોજ રાજકોટ માટે એક પરામર્શ સભા યોજાઈ હતી કે જેથી ઉપરોક્ત બંને જૂથોને આખરી ઓપ આપી શકાય. મહાનગરપાલિકાઓ, બિન-સરકારી સંગઠનો, વિદ્વદ્જનો અને સમુદાયોમાંથી કુલ ૮૨ જણાએ તેમાં ભાગ લીધો હતો. નાગરિક નેતૃત્વને પ્રોત્સાહન આપ્યાની મોટી પરિયોજનાના ભાગરૂપે ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના અનુભવોનું દસ્તાવેજીકરણ થઈ રહ્યું છે. તેમાં ધોળકા અને ભચાઉના નાગરિક નેતાઓના બે સફળ કિસ્સાનું દસ્તાવેજીકરણ થયું. તેમાં પાણી અને સફાઈની પરિસ્થિતિ સુધારવા માટે તેમણે લીધેલાં પગલાં અને પુનર્બાંધકામ તથા પુનર્વસનમાં તેમની ભૂમિકાને પ્રકાશમાં લાવવામાં આવી હતી.

### (જ) કાર્યલક્ષી સંશોધન

'રાજસ્થાનમાં સ્થાનિક રાજકારણમાં મહિલાઓની સહભાગિતા' વિશેનો બે વર્ષનો સંશોધન અભ્યાસ તૈયાર કરાયો અને નેપાળમાં ૫-૧૦ ઓગસ્ટ, ૨૦૦૮ દરમ્યાન યોજાયેલી દક્ષિણ એશિયાની કાર્યશાળામાં એ અંગે રજૂઆત કરાઈ. ૨૧-૨૪ નવેમ્બર ૨૦૦૮ દરમ્યાન મેક્સિકોમાં યોજાયેલી વૈશ્વિક કાર્યશાળામાં એક અભ્યાસ લેખ રજૂ કરવામાં આવ્યો હતો.

## ૨. સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### (ક) દલિત અધિકારો

રાજસ્થાનના જોધપુર, બાડમેર અને જેસલમેર જિલ્લામાં ૧૧ દલિત સંદર્ભ કેન્દ્રો દ્વારા દલિતોના અધિકારોના ક્ષેત્રે કાર્ય કરવામાં આવે છે. ૧૩ દલિત પુરુષો અને ૬ દલિત મહિલાઓના અત્યાચારના કિસ્સા અને ૬૯ વીઘા જમીનના દબાણના ૩ કિસ્સા હાથ ધરાયા હતા. છેલ્લા છ માસ દરમ્યાન બે તાલુકામાં મહિલાઓની જમીન માલિકીના મુદ્દે પ્રયાસો કરાઈ રહ્યા છે અને ૫ કિસ્સા હાથ ધરવામાં આવ્યા છે. જાહેર સ્થળોએ ભેદભાવના કિસ્સા બે સ્થળોએ ઉઠાવવામાં આવ્યા હતા. વિવિધ સરકારી યોજનાઓનો લાભ ૩૧ જણાને અપાવાયો હતો અને માહિતી અધિકાર ધારા અન્વયે ૨૨ અરજીઓ કરવા માટે સહાય પૂરી પડાઈ હતી. 'દલિત અધિકાર અભિયાન'માં નવા ૭૭ પુરુષો અને ૪૨ મહિલાઓ મળી ૧૧૯ જણા સભ્યો નોંધાયા છે. પૂર્વ રાજસ્થાનમાં 'દલિત ગરિમા યાત્રા' ૮૮ ગામોમાં યોજવામાં આવી હતી. ૩-૧૯ નવેમ્બર ૨૦૦૮ દરમ્યાનની આ યાત્રામાં સંગઠનની પ્રક્રિયા મજબૂત બનાવવાનો પ્રયાસ કરાયો હતો અને સમસ્યાઓ અંગે જાગૃતિ ઊભી કરાઈ હતી. આ કાર્યક્રમ દ્વારા લગભગ ૧૫૦૦૦ લોકો સુધી પહોંચી શકાયું હતું. 'દલિત અપડેટ' દ્વિમાસિકના બે અંકો પ્રકાશિત કરાયા. તેમાં સરકારી યોજનાઓ અને મહિલાઓ પરના અત્યાચારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. જોધપુર ખાતે ૨૦-૨૪ ઓક્ટોબર ૨૦૦૮ દરમ્યાન માનવ અધિકારોના ભંગના કિસ્સામાં હકીકતમાં તપાસ અંગેની કાર્યશાળામાં ૧૩ બિન-સરકારી સંગઠનોના ૨૮ જણાએ ભાગ લીધો હતો.

### (ખ) સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ

સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનનાં અને વાસ્મો માટે બે કાર્યશાળાઓ યોજાઈ. અંધજન મંડળના વરિષ્ઠ સંચાલકો માટે જેન્ડર નીડ એસેસમેન્ટ માટે કવાયત કરાઈ કે જેથી તેઓ તેમની પ્રવર્તમાન પ્રવૃત્તિઓમાં સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવના મુદ્દાને દાખલ કરી શકે.

કામના સ્થળે જાતીય સતામણીના કિસ્સામાં તપાસની કાર્યવાહી માટેની માર્ગરેખાઓનો મુસદ્દો તૈયાર કરાયો. સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ, મહિલા આંદોલનનો ઈતિહાસ તથા મહિલાઓ અને જમીનના અધિકારો અંગે સંસાધનત્રથી તૈયાર થઈ રહી છે. આસાનીથી ઉપયોગમાં લઈ શકાય તેવી આ વાચન-સામગ્રીનું પ્રકાશન કરવાનું નક્કી કરાયું છે.

### (ગ) વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવો

હેન્ડિકેપ ઈન્ટરનેશનલ દ્વારા અમલમાં મૂકાઈ રહેલી ડિપેકો પરિયોજનાની મુખ્ય ટીમના ભાગ તરીકે 'ઉન્નતિ'એ મેનેજરો અને અમલકર્તાઓ માટે આપત્તિ જોખમ ઘટાડામાં વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેના તાલીમ મેન્યુઅલની સમીક્ષામાં ભાગ લીધો હતો. એક્સેસ રિસોર્સ ગ્રૂપના હિસ્સા તરીકે અમે ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા અને સાદરા કેમ્પસના એક્સેસ ઓડિટ માટે ૨૨મી નવેમ્બરે અમે ભાગ લીધો હતો.

### (ઘ) જીવનનિર્વાહને પ્રોત્સાહન

કચ્છના મોટા રણના વિસ્તારની ૨૦૦ મહિલા કારીગરોની કુશળતાના આકલનને આધારે ભવિષ્યમાં ઉપયોગમાં આવે તે માટે ૨૯ ટાંકાની એક ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. ૨૦૦૧ના ભૂકંપ પછી આ મહિલાઓના જીવનનિર્વાહને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ૨૧-૨૪ ઓક્ટોબર ૨૦૦૮ દરમ્યાન ભચાઉમાં મહિલા કારીગરોનાં ૯ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે. તેમની સ્થિતિ, વર્તમાન જરૂરિયાત અને ભાવિ ભૂમિકા વિશે અભ્યાસ કરાયો. તેમના દ્વારા તૈયાર કરાયેલી અર્ધ-તૈયાર વસ્તુઓ વેચાઈ, ભરતકામવાળી વેચાણ યોગ્ય વસ્તુઓ તૈયાર કરાઈ અને નવી ડિઝાઈનો વિકસાવાઈ કે જેથી બજાર સાથે સંપર્ક ઊભો થાય.

## ૩. આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

૨૫-૨૮ ઓગસ્ટ અને ૨૩-૨૫ સપ્ટેમ્બર ૨૦૦૮ દરમ્યાન રાજસ્થાન અને ગુજરાતના બિન-સરકારી સંગઠનો માટે આપત્તિ જોખમ ઘટાડા અંગેના અભિગમની સમજ કેળવવા અને સમુદાય-આધારિત આપત્તિ જોખમ ઘટાડાની યોજના તૈયાર કરવાની પ્રક્રિયા અંગે બે તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. રાજસ્થાનનાં ૧૭ બિન-સરકારી સંગઠનોના ૩૫ જણાએ અને ગુજરાતનાં ૧૪ સંગઠનોના ૨૯ જણાએ તેમાં ભાગ

લીધો હતો. તેઓ તેમનાં કાર્યક્ષેત્રોમાં જોખમ અને સંકટનું આકલન કરવા સંમત થયા છે. આ અંગે તેમજ આપત્તિ સંબંધી પ્રશ્નો અંગે 'સ્વયં શિક્ષણ પ્રયોગ'ને પણ અભિમુખતાનો ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે જે કંઈ કાનૂની માળખું છે તે તપાસવામાં આવ્યું છે અને વ્યાપક ઉપયોગ તથા હિમાયતના હેતુ માટે સરળ સ્વરૂપમાં મૂકવામાં આવ્યું છે. આ ગાળા દરમ્યાન આંધ્ર પ્રદેશમાંથી માહિતી એકત્ર કરવામાં આવી છે. શ્રેષ્ઠ પ્રણાલીઓ સમજવા માટે રાજ્યના જુદા જુદા ભાગોનો પ્રવાસ કરવામાં આવ્યો હતો.

પુસ્તિકા તથા ડીવીડીનો એક સેટ આપત્તિના સંદર્ભમાં અસહાયતાને સમજવા માટે તૈયાર કરાયો છે. આપત્તિ જોખમ ઘટાડાના ખ્યાલો તેથી વિકાસના કર્મશીલોમાં લોકપ્રિય બનશે અને તેઓ સમુદાય સ્તરે ચર્ચા ઊભી કરી શકશે. ગુજરાતમાં જામનગર જિલ્લામાં શાળાની સુરક્ષા માટે થયેલા પ્રયાસોનું દસ્તાવેજીકરણ નવતર પ્રણાલીઓ અંગે શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવાના ભાગરૂપે કરવામાં આવ્યું.

રાજસ્થાનમાં છેલ્લાં ૧૪ મહિનાથી સમુદાય અને નાગરિક સમાજની સંસ્થાઓની ક્ષમતા વધારવા માટેના અને સમુદાય-આધારિત આપત્તિ જોખમ ઘટાડા અંગેની નવતર પ્રણાલીઓનું નિદર્શન કરવા માટેના પ્રયાસો કરાઈ રહ્યા છે. તેથી પાંચ સ્થળોએ ઘાસચારાની સલામતી ઊભી કરવા ગૌચારની જમીનનો વિકાસ થાય અને સૌથી અસહાય સમુદાયને લાભ થાય તે માટે પ્રયાસો કરાયા છે. બાડમેરના સિંદરી, બાલોતરા અને કલ્યાણપુર તાલુકાના અને જોધપુરના શેરગઢ તથા ફલૌદી તાલુકાના સીમાન્ત અને નાના ખેડૂતોના ૩૮ પરિવારોને ટેકો પૂરો પડાયો. તમામ પાસાંમાં સમુદાયની સહભાગિતા સાથે અમલ થાય તે માટે સમયબદ્ધ કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. ખેડૂતોને નિષ્ણાતો દ્વારા તાલીમ અને ખેતર પર જ તકનિકી ટેકો પૂરો પડાય છે અને તેમને નવી બાબતોનું જ્ઞાન મળે છે.

દલિતો અને અસહાય સમુદાયોની જળસંગ્રહની ક્ષમતા વધારાઈ છે. સમુદાય-આધારિત જળ વિતરણ વ્યવસ્થા ૫ સ્થળે દલિત સમુદાય માટે કરાઈ છે અને તેથી ૧૦૦૦ પરિવારોને લાભ થયો છે. ઔચિત્ય અને ખર્ચ-લાભ વિશ્લેષણ દ્વારા ટ્રેક્ટરની ખરીદીની અને જમીનનો વિકાસ કરવાની જરૂરિયાત જણાઈ. ખર્ચ, ઉપયોગની તરાહ અને નિભાવની વ્યવસ્થા માટે જે અનુભવો થયા તેને આધારે ધંધાકીય મોડેલને આધારે તેનો વિકાસ કરવાની આવશ્યકતા છે.

'સહભાગી શિક્ષણ કેન્દ્ર' અને 'માલતેસર ઈન્ટરનેશનલ'ના સહયોગમાં અમે ઉત્તર પ્રદેશમાં કેસરગંજ તાલુકામાં ૫ પંચાયતોમાં પૂરના જોખમ સામે લોકોની પ્રતિકારક્ષમતા વધે તે માટે કામ કરી રહ્યા છીએ. ૬૦ સૌથી અસહાય પરિવારોના ઘરોની સતહી ઊંચાઈ વધારવાની મુખ્ય પ્રવૃત્તિ ચાલે છે. પીવાના ચોખ્ખા પાણી માટે હેન્ડ પંપ, જળસંગ્રહનાં સ્થાનો ઊભાં કરવાં અને તે માટે કામ માટે રોકડ સહાયની યોજનાનો અમલ તથા પૂરના સંજોગોમાં આપત્તિના સામના માટે સમુદાયની તૈયારી વગેરે જેવી પ્રવૃત્તિઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

## ૪. જ્ઞાનનિર્માણ અને આપલે

૧૩થી ૧૭ ઓક્ટોબર ૨૦૦૮ દરમ્યાન બિન-સરકારી સંગઠનોના કાર્યકરો માટે સહભાગી તાલીમ અને પુખ્તોની ભણતર પ્રક્રિયા વિશે એક પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી હતી. તેમાં ૧૮ સંગઠોના ૧૪ મહિલાઓ અને ૧૫ પુરુષોએ ભાગ લીધો હતો. તે બિન-સરકારી સંગઠનો અને તાલીમી સંસ્થાઓના વિકાસ માટે યોજવામાં આવી હતી. તેની બેઠકોમાં તાલીમની ડિઝાઈન તૈયાર કરવા માટેની કુશળતા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. ૧૫-૧૭ સપ્ટેમ્બર ૨૦૦૮ દરમ્યાન જોધપુર ખાતે સ્ટાફના ક્ષમતા નિર્માણ માટેની કાર્યશાળા યોજાઈ હતી. તેમાં ૭ સંગઠનોના ૨૧ સહભાગીઓએ ભાગ લીધો હતો અને પરિણામ-આધારિત સંચાલન વિશે માહિતી મેળવી હતી. ક્ષમતા નિર્માણના હેતુસર ૨૦-૨૨ સપ્ટેમ્બર ૨૦૦૮ દરમ્યાન અધિકાર-આધારિત અભિગમ, સમુદાયમાં સંગઠન અને હિમાયત વિશે બાડમેર ખાતે 'શ્યોર'ના સ્ટાફ માટે એક કાર્યશાળા યોજવામાં આવી હતી. રાજસ્થાનમાં ૮ સહભાગી સંગઠનોને સંસ્થાનિર્માણનો ટેકો પૂરો પડાયો. તેમાં દસ્તાવેજીકરણ, સંચાલન વ્યવસ્થા અને શાસન વ્યવસ્થાનું નિર્માણ જેવી બાબતો મુખ્ય હતી. કમ્બોડિયાની સરકાર અને નાગરિક સમાજનાં જૂથોની છ વ્યક્તિઓના એક જૂથે ગુજરાતની મુલાકાત સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનો વિશે સમજ કેળવવા લીધી હતી. રિપોર્ટ કાર્ડનો ઉપયોગ સામાજિક અન્વેષણ, આપમેળે જાહેરાત અને સહભાગી આયોજન અંગેના પ્રયાસો વિશે વિચારોની આપ-લે થઈ. 'સેવા મંદિર'ના ૨૦ જણા શહેરી વિસ્તારોમાં થઈ રહેલા પ્રયાસોને સમજવા માટે આવ્યા હતા.

**પૃષ્ઠ ૧નું શેષ**

વ્યવસ્થા હોય તો જ મજબૂત લોકશાહી ઊભી થાય. કરવેરા અને બજેટની ફાળવણી દક્ષિણ એશિયાના તમામ દેશોમાં લોકકેન્દ્રી બને અને તે માનવ વિકાસમાં ફાળો આપે એ જરૂરી છે. દક્ષિણ એશિયામાં પડોશીઓ સાથે સારા સંબંધો હોય, લોકો વચ્ચે સંપર્કો હોય, વ્યાપાર થાય અને સરહદોની આરપાર લોકો મુક્ત રીતે હરીફરી શકે એમ બને તો સંબંધો સુધરે અને સંરક્ષણનું ખર્ચ ઘટે.

ધનવાનો અને ગરીબો સૌ સ્વીકારે છે કે દક્ષિણ એશિયા માટે આર્થિક વિકાસ અગત્યનો છે અને તેના દરેક દેશ માટે તે અગત્યનો છે. દલિતો, આદિવાસીઓ, ભૂમિહીન મજૂરો અને માછીમારો જેવા ગરીબો કેટલીક ગરીબ-વિરોધી લોબીઓ દાવો કરે છે તે મુજબ વિકાસના વિરોધી નથી. તેઓ તો સામાજિક સમાવેશ વિનાના વિકાસનો પ્રતિકાર કરે છે અને તેનો પ્રતિકાર તો તેમણે કરવો જોઈએ. જે વિકાસ માત્ર નફા-પ્રેરિત હોય છે અને રોજગારીની તકો ઊભી કરવા વિશે કાળજી લેતો જ નથી. કામની યોગ્ય સ્થિતિ અને પર્યાપ્ત વેતન ઉપર ધ્યાન આપતો નથી તેનો તો વિરોધ થાય જ.

દક્ષિણ એશિયામાં આતંકવાદ એ એક વાસ્તવિક સમસ્યા છે. એ લોકશાહી સામે જ ખતરો ઊભો કરે છે. જો કે, આપણે આતંકવાદીઓ અને તેમનાં સંગઠનોને ઓળખવાની બાબતમાં પસંદગીઓ કરીએ છીએ. પોલિસ, રાજકારણીઓ, અમલદારો, ધંધાદારીઓ અને માફિયાઓની લોબીઓ મુંબઈ, માલેગાંવ, બાબરી મસ્જિદ, કાશ્મીર અને ઈશાન ભારત, અક્ષરધામ અને ગુજરાતનાં રમખાણો, ધડાકાઓ અને હુમલાઓ માટે જવાબદાર છે. કોઈ પણ પ્રકારના આતંકવાદીઓ ધર્મનિરપેક્ષ, લોકતાંત્રિક અને સમાવેશી દક્ષિણ એશિયા સામે ખતરો ઊભો કરે છે. લોકશાહી દક્ષિણ એશિયા ન્યાય અને માનવ અધિકારોના સન્માન ઉપર આધારિત એવા શાંતિપૂર્ણ પ્રદેશ તરીકે ઉપસી શકે અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ દક્ષિણ એશિયાનો એકેએક નાગરિક સાક્ષર, તંદુરસ્ત, રોજગાર મેળવનાર, સ્વતંત્ર હોય સલામત હોય. જો આપણે પ્રતિબદ્ધ બનીએ તો સીમાવિહીન, એક જ ચલણ ધરાવતું, દક્ષિણ એશિયાની એક સંસદ ધરાવતું, દક્ષિણ એશિયાનું માનવ અધિકાર ખતપત્ર ધરાવતું અને મહિલા પંચ ધરાવતું, સમાવેશી એવું લઘુમતી પંચ ધરાવતું અને સારું શિક્ષણ ધરાવતું નૂતન દક્ષિણ એશિયા હોઈ શકે છે.

**ફાધર જીમી ડાભી**
રેફ્યુજી સર્વિસ ટીચિંગ - સોશ્યલ રિસર્ચ
એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ ઈન ડેવલપમેન્ટ મેનેજમેન્ટ,
હેરાત એન્ડ બામિયાન યુનિવર્સિટી,
અફઘાનિસ્તાન

**ઉન્નતિ**
**વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org
ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર, રાજસ્થાન.
ફોન: ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.
મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.